# પ્રેસ નોટ

.......................

## માહે નવેમ્બર ૨૦૧૯ સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ.

સ્મીમેર હોસ્પીટલમાં માહે **નવેમ્બર ૨૦૧૯** દરમ્યાન **૫૬૦૯** ઈન્ડોર તથા **૬૨૪૮૧** આઉટડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. **૩૬૯૦** નાના તથા **૭૪૫** મોટા ઓપેરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. **૧૪૭૩૪** એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બી.ના નવા **૧૮૭૩** અને જુના **૧૮૬૪** દર્દીઓ સહીત કુલ **૩૭૩૭** દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ **૧૪૪૭** દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ **૧૫૭૮** તથા આંખ વિભાગમાં **૩૬૬૧** આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી વિભાગમાં કુલ **૨૩૬૭૪** દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યુ હતુ. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. ૫૭૪
તા.૦૯/૧૨/૨૦૧૯

## :: પ્રેસનોટ ::

### "મેયર્સ કપ T-20 ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૯"નો શુભારંભ

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૧ થી ૧૪ ડિસેમ્બર ૨૦૧૯ દરમ્યાન યોજાનાર "મેયર્સ કપ T-20 ક્રિકેટ ટુર્નામેન્ટ –૨૦૧૯" ના શુભારંભ બાબત.

સુરત શહેરના ચુંટાયેલા પ્રતિનિધિશ્રીઓ, વહીવટી પાંખના અધિકારીશ્રીઓ અને પત્રકારશ્રીઓ વચ્ચે સામંજસ્ય, સહકારીતા અને સુમેળનો માહોલ સર્જાય તે માટે સુરત મહાનગરપાલિકાની ચુંટાયેલી પાંખ, વહીવટી પાંખ, સુરત શહેર પત્રકાર સંઘ ટીમ, એસ.એમ.સી. પ્રેસ રિપોર્ટર ટીમ, રીજીયોનલ ચેનલ રિપોર્ટર ટીમ, સુરત પ્રેસ ફોટોગ્રાફર ટીમ, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ટીમ, સુરત શહેર કેમેરામેન ટીમ અને પ્રેસ કલબ ઓફ એસએમસી વચ્ચે "મેયર્સ કપ ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૯"નું આયોજન તા.૧૧/૧૨/૨૦૧૯ થી તા.૧૩/૧૨/૨૦૧૯ દરમ્યાન બી. જે. પટેલ ક્રિકેટ ગ્રાઉન્ડ, ભીમરાડ, તથા ડી.આર.બી.ક્રિકેટ ગ્રાઉન્ડ ભરથાણા ખાતે કરવામાં આવેલ છે. તા.૧૧/૧૨/૨૦૧૯ના રોજ સવારે ૮.૩૦ કલાકે બી. જે. પટેલ ક્રિકેટ ગ્રાઉન્ડ, ભીમરાડ ખાતે મેયર ટીમ અને પ્રેસ ફોટોગ્રાફર ટીમ વચ્ચે તથા બપોરે પત્રકાર સંઘ ટીમ અને એસ.એમ.સી.પ્રેસ રીપોટર ટીમ વચ્ચે રમાઈ હતી. જયારે તા.૧૧/૧૨/૨૦૧૯ના રોજ સવારે ૮.૩૦ કલાકે ડી.આર.બી.ક્રિકેટ ગ્રાઉન્ડ ભરથાણા ખાતે એસ.એમ.સી.પ્રેસ કલબ ટીમ અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ટીમ વચ્ચે તથા બપોરે ચેનલ કેમેરામેન ટીમ વર્સીસ રીજીયોનલ ચેનલ ટીમ વચ્ચે જંગ જામ્યો હતો. માન.મેયરશ્રી ડૉ.જગદીશ પટેલએ ડે.મેયરશ્રી નિરવ એસ.શાહ, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી અનિલભાઈ ગોપલાણી, શાસકપક્ષ નેતાશ્રી ગિરિજાશંકર મિશ્રા, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રશ્મિકાબેન પટેલ, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુનિ.સભ્યશ્રીઓ, અધિકારીશ્રીઓની ઉપસ્થિતિમાં બી. જે. પટેલ ક્રિકેટ ગ્રાઉન્ડ પર ટોસ ઉછાળી "મેયર્સ કપ T-20 ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૯"નો શુભારંભ કરાવ્યો હતો.

સુરત પ્રેસ ફોટોગ્રાફર ટીમએ ટોસ જીતી પ્રથમ બેટીંગ પસંદ કરી સરજુ પારેખના ૩૯ બોલમાં એક ચોગ્ગા સાથે ૨૨ રન અને નિર્ભય કાપડીયાના ૨૬ બોલમાં ૯ રનની મદદથી નિર્ધારિત ૨૦ ઓવરમાં ૭ વિકેટે ૫૬ રન કર્યા હતા. મેયર્સ ટીમના ભદ્રેશભાઈ પરમાર, સતીષભાઈ પટેલ અને વિજય ચૌમાલ એ ત્રણેય બોલરોએ ૨–૨ વિકેટ લીધી હતી. મેયર્સ ટીમના પ્રવિણભાઈ પટેલના ૨૮ બોલમાં ૨૮ રન અને ભાવેશભાઈ ભુંભળીયાના ૨૪ બોલમાં ૨૧ રનની મદદથી હરિફ ટીમએ આપેલ લક્ષ્યને ૯.૩ ઓવરમાં ૧ વિકેટે જ પાર પાડતાં મેયર્સ ટીમનો ૯ વિકેટે ભવ્ય વિજય થયો હતો. સુરત પ્રેસ ફોટોગ્રાફર ટીમ વતી રિતેશ પટેલને ૧ વિકેટ લેવામાં સફળતા મળી હતી.

તા.૧૧/૧૨/૨૦૧૯ના રોજ બીજી મેચ સવારે ૮.૩૦ કલાકે ડી.આર.બી.ક્રિકેટ ગ્રાઉન્ડ ભરથાણા ખાતે એસ.એમ.સી.પ્રેસ કલબ ટીમ અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ટીમ વચ્ચે યોજાઈ હતી. બપોરે ૧૨.૦૦ કલાકે રીજીયોનલ ચેનલ રીપોર્ટર ટીમ અને પ્રેસ કલબ ઓફ એસ.એમ.સી. ટીમ વચ્ચે યોજાઈ હતી. એસ.એમ.સી.પ્રેસ કલબ ટીમે ટોસ જીતી પ્રથમ બેટીંગ અજમાવી કેનિલ રાજના ઝંઝાવતી બેટીંગ કરી ૫૪ બોલમાં ૮ ચોગ્ગા સાથે ૫૭ રન અને જયેશ બ્રહ્મભટ્ટના ૧૪ બોલમાં ૯ રનની મદદથી ૨૦ ઓવરમાં ઓલઆઉટ થતાં ૯૭ રનનો સ્કોર કર્યો હતો. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ટીમના બોલરો સુનિલ પટેલએ ૬ અને પરિમલ પટેલ અને કિરણભાઈ ચૌધરીને ૧–૧ વિકેટ ઝડપી હતી. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ટીમના સુનિલ પટેલના ૨૫ બોલમાં ૪૯ રન અને કિરણ ચૌધરીના અણનમ ૨૪ રનની મદદથી હરિફ ટીમએ આપેલ લક્ષ્યને ૯.૩ ઓવરમાં ૧ વિકેટે જ પાર પાડતાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ટીમનો ૯ વિકેટે આસાન વિજય થયો હતો. એસ.એમ.સી.પ્રેસ કલબ ટીમ વતી કેનિલ રાજને ૧ વિકેટ મળી હતી.

તા.૧૧/૧૨/૨૦૧૯ના રોજની ત્રીજી મેચ બી. જે. પટેલ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે સવારે ૧૧.૩૦ કલાકે સુરત શહેર પત્રકાર સંઘ ઈલેવન અને એસ.એમ.સી.પ્રેસ રીપોટર્સ ઈલેવન વચ્ચે રમાઈ હતી. સુરત શહેર પત્રકાર સંઘ ઈલેવને ટોસ જીતી પ્રથમ બોલીંગ પસંદ કરી નિર્ધારિત ૨૦ ઓવરમાં ૭ વિકેટે ૧૮૬ રનનો તોતીંગ સ્કોર કર્યો હતો. જેમાં ઈસરાઈલ શેખના ૩૨ બોલમાં ૯ ચોકડી સાથે ૫૪ રન, મહેન્દ્ર પાટીલના ૨૬ બોલમાં ૩ ચોકડી અને ૨ સિકસર સાથે ૪૧ રનઅને રાજા શેખના ૨૩ બોલમાં ૨ ચોકડી સાથે ૨૧ રન મુખ્ય હતા. એસ.એમ.સી.પ્રેસ રીપોટર્સ ઈલેવનના બોલરો હિતેશ બખીયાએ ૩ વિકેટ અને આરીફ શેખએ ૨ વિકેટ ઝડપી હતી. સુરત શહેર પત્રકાર સંઘ ઈલેવને આપેલ ૧૮૬ રનના લક્ષ્યાંકને પાર પાડવા મેદાને ઉતરેલ એસ.એમ.સી.પ્રેસ રીપોટર્સ ઈલેવનના હિતેશ બખીયાના ૧૫ બોલમાં ૩ ચોગ્ગા સાથે ૧૭ રનની મદદથી ૭ વિકેટે ૨૦ ઓવરમાં ૮૭ રન સુધી પહોંચતાં સુરત શહેર પત્રકાર સંઘ ઈલેવનનો ૯૯ રને વિજય થયો હતો. સુરત શહેર પત્રકાર સંઘ ઈલેવનના મહેન્દ્ર પાટીલએ ૩ વિકેટ ઝડપી હતી.

તા.૧૧/૧૨/૨૦૧૯ના રોજની ચોથી મેચ ડી.આર.બી.ક્રિકેટ ગ્રાઉન્ડ ભરથાણા ખાતે બપોરે ૧૧.૩૦ કલાકે ચેનલ કેમેરામેન ટીમ વર્સીસ રીજીયોનલ ચેનલ ટીમ વચ્ચે રમાઈ હતી. ટોસ જીતી બેટીંગમાં ઉતરેલ રીજીયોનલ ચેનલ ટીમે નિર્ધારિત ૨૦ ઓવરમાં ૧૦ વિકેટે ૮૭ રન કર્યા હતા. જેમાં દેવેન ચિત્તેના ૩૩ બોલમાં ૨૩ રન, રાકેશ પાનવાલાના ૧૭ બોલમાં ૧૨ રન તથા આઝમ સાલેહના ૧૨ બોલમાં ૧૦ રન મુખ્ય હતા. રીજીયોનલ ચેનલ ટીમના બોલરો દેવેશ સોલંકીએ ૩ અને અશ્ફાક કુરેશીએ ૨ વિકેટ હાંશલ કરી હતી. રીજીયોનલ ચેનલ ટીમે આપેલ ૮૭ રનના લક્ષ્યાંકને પાર પાડવા મેદાને ઉતરેલ ચેનલ કેમેરામેન ટીમના દેવાંગ રાણાના ૨૮ બોલમાં ૪૫ રન અને દેવેશ સોલંકીના ૨૨ બોલમાં ૨૦ રનના સહયોગથી ૧૦ ઓવરમાં ૪ વિકેટે લક્ષ્યાંક સર કરતાં ૬ વિકેટે વિજય થયો હતો. રીજીયોનલ ચેનલ ટીમના દેવેન ચિત્તે અને ચેતન પટેલએ ૨–૨ વિકેટ લીધી હતી.

"મેયર્સ કપ T-20 ક્રિકેટ ટુર્નામેન્ટ –૨૦૧૯" માં હવે પછી નીચે મુજબની મેચો રમાનાર છે.

<table>
<tr><th>તારીખ</th><th colspan="2">સમય સવારે ૦૮:૩૦ કલાક</th></tr>
<tr><td colspan="3">ડી.આર.બી. ક્રિકેટ ગ્રાઉન્ડ ભરથાણા ખાતે રમાનાર ક્રિકેટ મેચ</td></tr>
<tr><td>૧૨/૧૨/૨૦૧૯</td><td colspan="2">ચેનલ કેમેરા મેન ટીમ VS કમિશ્નર ટીમ</td></tr>
<tr><td colspan="3">બી. જે. પટેલ ક્રિકેટ ગ્રાઉન્ડ, ભીમરાડ ખાતે રમાનાર ક્રિકેટ મેચ</td></tr>
<tr><th>તારીખ</th><th>સમય સવારે ૦૮:૩૦ કલાક</th><th>સમય સવારે ૧૧:૩૦ કલાક</th></tr>
<tr><td>૧૨/૧૨/૨૦૧૯<br><u>સેમી ફાયનલ મેચ</u></td><td>મેયર્સ ટીમ<br>VS<br>સુરત શહેર પત્રકાર સંઘ ટીમ</td><td>નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ટીમ<br>VS<br>તા.૧૨/૧૨/૨૦૧૯ના રોજની સવારે ૮:૩૦ કલાકની ડી.આર.બી.ક્રિકેટ ગ્રાઉન્ડ ભરથાણા ગ્રાઉન્ડની વિજેતા ટીમ</td></tr>
<tr><td>૧૩/૧૨/૨૦૧૯<br><u>ફાયનલ મેચ</u></td><td colspan="2">તા.૧૨/૧૨/૨૦૧૯ના રોજની સવારે ૮.૩૦ કલાકની મેચની વિજેતા ટીમ<br>VS<br>તા.૧૨/૧૨/૨૦૧૯ના રોજની સવારે ૧૧:૩૦ કલાકની મેચની વિજેતા ટીમ</td></tr>
</table>

"મેયર્સ કપ ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૯"ની ઉપરોકત મેચો નિહાળવા જાહેર જનતાને નિમંત્રણ છે.

સમાચાર યાદીનં. ૫૭૫ , તા.૧૧/૧૨/૨૦૧૯, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.



# નવો પૂર્વઝોન(વરાછા)–બી ની અખબારી યાદી

તા.૧૧/૧૨/૨૦૧૯

**નવો પૂર્વ(વરાછા)ઝોન–બી વિસ્તારમાં તા.૧૧/૧૨/૨૦૧૯ નાં રોજ નીચે જણાવેલ સ્થળે કરવામાં આવેલ ડીમોલીશન બાબત.**

| તારીખ ૧૧/૧૨/૨૦૧૯ | | | |
|---|---|---|---|
| **ટી.પી.સ્કીમ નં./ફા.પ્લોટ નં.** | **સ્થળ** | **ડીમોલીશનની વિગત** | **રીમાર્કસ** |
| **ટી.પી.સ્કીમ નં.૨૨(સરથાણા–વાલક), બ્લોક નં.**૧૮૧, ફા.પ્લોટ નં.૩૯/એ | અનમોલ પાર્ક સોસાયટી વિભાગ–૧ ના આંતરિક રસ્તાને ટી.પી. રોડ સાથે જોડાણ પૈકીની જગ્યા | સોસાયટીના આંતરિક રસ્તાને ટી.પી. રોડ સાથે જોડાણ પર દીવાલનું દબાણ દુર કરી રસ્તો ખુલ્લા કર્યા. | |

ઉપર જણાવેલ નવો પૂર્વ(વરાછા) ઝોન–બી માં આવેલટી.પી.સ્કીમ નં.૨૨(સરથાણા–વાલક), બ્લોક નં.૧૮૧, ફા.પ્લોટ નં.૩૯/એ, મિતુલ ફાર્મની સામે કેનાલ રોડ પાસે આવેલ અનમોલ પાર્ક સોસાયટી વિભાગ–૧ ના આંતરિક રસ્તાને ટી.પી. રોડ સાથે જોડાણ પર દીવાલનું દબાણ દુર કરી રસ્તો બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

ઉકત કામગીરી મે.ડે.કમિશ્નરશ્રી(ડેપ્યુટેશન)નાં આદેશ મુજબ કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ શહેરી વિકાસના સ્ટાફ, દબાણ ખાતાનો સ્ટાફ, રસ્તા વિભાગનો સ્ટાફ તથા પોલીસ બંદોબસ્ત તેમજ યુ.આર.ડી.સી.એલ. નાં સ્ટાફની મદદથી પાર પાડવામાં આવેલ.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં...........................
તા.૧૦/૧૨/૨૦૧૯

# નવો પૂર્વઝોન(વરાછા)–બી ની અખબારી યાદી

તા.૧૧/૧૨/૨૦૧૯

**નવો પૂર્વ(વરાછા)ઝોન–બી વિસ્તારમાં તા.૧૧/૧૨/૨૦૧૯ નાં રોજ નીચે જણાવેલ સ્થળે કરવામાં આવેલ ડીમોલીશન બાબત.**

| તારીખ ૧૧/૧૨/૨૦૧૯ | | | |
|---|---|---|---|
| **ટી.પી.સ્કીમ નં./ફા.પ્લોટ નં.** | **સ્થળ** | **ડીમોલીશનની વિગત** | **રીમાર્કસ** |
| **ટી.પી.સ્કીમ નં.૨૨(સરથાણા–વાલક), બ્લોક નં.૧૮૧**, ફા.પ્લોટ નં.૩૯/એ | અનમોલ પાર્ક સોસાયટી વિભાગ–૧ ના આંતરિક રસ્તાને ટી.પી. રોડ સાથે જોડાણ પૈકીની જગ્યા | સોસાયટીના આંતરિક રસ્તાને ટી.પી. રોડ સાથે જોડાણ પર દીવાલનું દબાણ દુર કરી રસ્તો ખુલ્લા કર્યા. | |

ઉપર જણાવેલ નવો પૂર્વ(વરાછા) ઝોન–બી માં આવેલટી.પી.સ્કીમ નં.૨૨(સરથાણા–વાલક), બ્લોક નં.૧૮૧, ફા.પ્લોટ નં.૩૯/એ, મિતુલ ફાર્મની સામે કેનાલ રોડ પાસે આવેલ અનમોલ પાર્ક સોસાયટી વિભાગ–૧ ના આંતરિક રસ્તાને ટી.પી. રોડ સાથે જોડાણ પર દીવાલનું દબાણ દુર કરી રસ્તો બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. સદર કામગીરી દરમ્યાન સ્થાનિક રહીશો ધ્વારા વિરોધ પ્રદર્શિત કરી ઘર્ષણ ઉભુ કરવામાં આવતા સરથાણા પોલીસ સ્ટાફની મદદ મેળવી કામગીરી પાર પાડવામાં આવેલ છે.

ઉકત કામગીરી મે.ડે.કમિશ્નરશ્રી(ડેપ્યુટેશન)નાં આદેશ મુજબ કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ ડે.ઈજનેરશ્રીઓ, શહેરી વિકાસના સ્ટાફ, દબાણ ખાતાનો સ્ટાફ, રસ્તા વિભાગનો સ્ટાફ તથા પોલીસ બંદોબસ્તની મદદથી પાર પાડવામાં આવેલ.

## :: પ્રેસનોટ ::

### "મેયર્સ કપ T-20 ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૯"

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૧ થી ૧૩ ડિસેમ્બર ૨૦૧૯ દરમ્યાન આયોજીત "મેયર્સ કપ T-20 ક્રિકેટ ટુર્નામેન્ટ –૨૦૧૯" બાબત.

સુરત શહેરના ચુંટાયેલા પ્રતિનિધિશ્રીઓ, વહીવટી પાંખના અધિકારીશ્રીઓ અને પત્રકારશ્રીઓ વચ્ચે સામંજસ્ય, સહકારીતા અને સુમેળનો માહોલ સર્જાય તે માટે સુરત મહાનગરપાલિકાની ચુંટાયેલી પાંખ, વહીવટી પાંખ, સુરત શહેર પત્રકાર સંઘ ટીમ, એસ.એમ.સી. પ્રેસ રિપોર્ટર ટીમ, રીજીયોનલ ચેનલ રિપોર્ટર ટીમ, સુરત પ્રેસ ફોટોગ્રાફર ટીમ, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ટીમ, સુરત શહેર કેમેરામેન ટીમ અને પ્રેસ કલબ ઓફ એસએમસી વચ્ચે "મેયર્સ કપ ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૯"નું આયોજન તા.૧૧/૧૨/૨૦૧૯ થી તા.૧૩/૧૨/૨૦૧૯ દરમ્યાન બી. જે. પટેલ ક્રિકેટ ગ્રાઉન્ડ, ભીમરાડ, તથા ડી.આર.બી. કોલેજ ક્રિકેટ ગ્રાઉન્ડ ભરથાણા ખાતે કરવામાં આવેલ છે. તા.૧૧/૧૨/૨૦૧૯ના રોજ માન.મેયરશ્રી ડૉ.જગદીશ પટેલએ ટોસ ઉછાળી શુભારંભ કરાવેલ "મેયર્સ કપ T-20 ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૯"ની ચાર મેચ રમ્યા બાદ તા.૧૨/૧૨/૨૦૧૯ના રોજ ત્રણ મેચ રમાઈ હતી.

તા.૧૨/૧૨/૨૦૧૯ના રોજ સવારે ૮.૩૦ કલાકે ડી.આર.બી. કોલેજ ક્રિકેટ ગ્રાઉન્ડ ભરથાણા ખાતે સુરત ચેનલ કેમેરામેન ટીમ વર્સીસ કમિશનર ટીમ વચ્ચે જંગ જામ્યો હતો. સુરત ચેનલ કેમેરામેન ટીમે ટોસ જીતી પ્રથમ બેટીંગ અજમાવી ભાવેશ ઉપાધ્યાયના ૪૦ બોલમાં ૪૨ રન, અસ્ફાક કુરેશીના ૧૩ બોલમાં ૧૩ રન અને સંજય ચંડેલના ૧૩ બોલમાં ૯ રનની મદદથી નિર્ધારીત ૨૦ ઓવરમાં ઓલઆઉટ થતાં ૧૧૦ રનનો સ્કોર કર્યો હતો. કમિશનર ટીમના બોલરો મુદસર શીરગરએ ૩ વિકેટ તથા ધર્મેન્દ્ર સેલર અને સતીષ વસાવાએ ૨–૨ વિકેટ ઝડપી હતી. કમિશનર ટીમના વિવેક પટેલના ૩૪ બોલમાં ૫૯ રન અને આનંદ પરતીવાલાના ૩૨ બોલમાં ૩૦ રનની ધુંઆધાર બેટીંગથી  હરિફ ટીમએ આપેલ લક્ષ્યને ૧૫.૩ ઓવરમાં ૨ વિકેટે સર કરતાં કમિશનર ટીમનો ૮ વિકેટે આસાન વિજય થયો હતો. સુરત ચેનલ કેમેરામેન ટીમ વતી કુશલ પંડયાને ૨ વિકેટ લેવામાં સફળતા મળી હતી.

તા.૧૨/૧૨/૨૦૧૯ના રોજની પ્રથમ સેમી ફાઈનલ મેચ બી. જે. પટેલ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે સવારે ૮.૩૦ કલાકે સુરત શહેર પત્રકાર સંઘ ઈલેવન અને મેયર્સ ઈલેવન વચ્ચે રમાઈ હતી. મેયર્સ ઈલેવને ટોસ જીતી પ્રથમ બોલીંગ પસંદ કરી હતી. બેટીંગમાં ઉતરેલ સુરત શહેર પત્રકાર સંઘ ઈલેવને નિર્ધારિત ૨૦ ઓવરમાં ૭ વિકેટે ૧૧૦ રન કર્યા હતા. જેમાં રાજા શેખના ૩૪ બોલમાં ૩૭ રન અને મહેન્દ્ર પાટીલના ૨૨ બોલમાં ૩૦ રન મુખ્ય હતા. મેયર્સ ઈલેવનના બોલરો વિજયભાઈ ચૌમલ, ભદ્રેશભાઈ પરમાર અને મનોજભાઈ ચોવટીયાએ ૨–૨ વિકેટ ઝડપી હતી. સુરત શહેર પત્રકાર સંઘ ઈલેવને આપેલ ૧૧૦ રનના લક્ષ્યાંકને પાર પાડવા મેદાને ઉતરેલ મેયર્સ ઈલેવનના પ્રવિણભાઈ પટેલના ૪૮ બોલમાં ૪૬ રન અને સતિષભાઈ પટેલના ૨૮ બોલમાં ૩૬ રનના સહયોગથી ૧૬.૨ ઓવરમાં ૧ વિકેટે પાર પાડી ૯ વિકેટે શાનદાર જીત મેળવી ફાઈનલમાં પ્રવેશ મેળવ્યો હતો. સુરત શહેર પત્રકાર સંઘ ઈલેવનના મહેન્દ્ર પટેલએ ૧ વિકેટ લીધી હતી.

તા.૧૨/૧૨/૨૦૧૯ના રોજની બીજી સેમી ફાઈનલ મેચ બી. જે. પટેલ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે સવારે ૧૧.૩૦ કલાકે કમિશનર ઈલેવન અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ઈલેવન વચ્ચે રમાઈ હતી. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ઈલેવને ટોસ જીતી પ્રથમ બેટીંગ પસંદ કરી ધનસુખ પટેલના ૧૭ બોલમાં  ૧૩ રન અને પરિમલ પટેલના ૨૦ બોલમાં ૧૧ રનની મદદથી નિર્ધારિત ૨૦ ઓવરમાં ૮ વિકેટે ૬૯ રન કર્યા હતા.  કમિશનર ઈલેવનના બોલર રાકેશ પટેલ, જગદીશ સેલર અને આનંદ પરતીવાલાએ ૨–૨ વિકેટ લીધી હતી. કમિશનર ઈલેવનના જીતેન્દ્ર પરમારના ૩૦ બોલમાં ૩૬ રન અને વિવેક પટેલના ૩૭ બોલમાં ૩૨ રનની મદદથી હરિફ ટીમએ આપેલ લક્ષ્યને ૧૨.૨ ઓવરમાં ૧ વિકેટે જ પાર પાડતાં કમિશનર ઈલેવનનો ૯ વિકેટે ભવ્ય વિજય સાથે સેમી ફાયનલના હકદાર થયા હતા. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ઈલેવન વતી કિરણ ચૌધરીને ૧ વિકેટ લેવામાં સફળતા મળી હતી.

તા.૧૩/૧૨/૨૦૧૯ના રોજ સવારે ૮.૩૦ કલાકે બી. જે. પટેલ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે "મેયર્સ કપ ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૯"ની ફાયનલ મેચ મેયર્સ ઈલેવન અને કમિશનર ઈલેવન વચ્ચે રમાશે. જેને નિહાળવા જાહેર જનતાને નિમંત્રણ છે.

સમાચાર યાદી નં.૫૭૭, તા.૧૨/૧૨/૨૦૧૯, જનસંપર્ક વિભાગ,  સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.



# :: પ્રેસનોટ ::

## "મેયર્સ કપ T-20 ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૯"માં કમિશનર ઈલેવન ચેમ્પીયન

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૧ થી ૧૩ ડિસેમ્બર ૨૦૧૯ દરમ્યાન આયોજીત "મેયર્સ કપ T-20 ક્રિકેટ ટુર્નામેન્ટ –૨૦૧૯" બાબત.

સુરત શહેરના ચુંટાયેલા પ્રતિનિધિશ્રીઓ, વહીવટી પાંખના અધિકારીશ્રીઓ અને પત્રકારશ્રીઓ વચ્ચે સામંજસ્ય, સહકારીતા અને સુમેળનો માહોલ સર્જાય તે માટે સુરત મહાનગરપાલિકાની ચુંટાયેલી પાંખ, વહીવટી પાંખ, સુરત શહેર પત્રકાર સંઘ ટીમ, એસ.એમ.સી. પ્રેસ રિપોર્ટર ટીમ, રીજીયોનલ ચેનલ રિપોર્ટર ટીમ, સુરત પ્રેસ ફોટોગ્રાફર ટીમ, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ટીમ, સુરત શહેર કેમેરામેન ટીમ અને પ્રેસ કલબ ઓફ એસએમસી વચ્ચે "મેયર્સ કપ ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૯"નું આયોજન તા.૧૧/૧૨/૨૦૧૯ થી તા.૧૩/૧૨/૨૦૧૯ દરમ્યાન બી. જે. પટેલ ક્રિકેટ ગ્રાઉન્ડ, ભીમરાડ, તથા ડી.આર.બી. કોલેજ ક્રિકેટ ગ્રાઉન્ડ ભરથાણા ખાતે કરવામાં આવ્યું હતું. તા.૧૧/૧૨/૨૦૧૯ના રોજ માન.મેયરશ્રી ડૉ.જગદીશ પટેલએ ટોસ ઉછાળી શુભારંભ કરાવેલ "મેયર્સ કપ T-20 ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૯"ની ચાર મેચ રમ્યા બાદ તા.૧૨/૧૨/૨૦૧૯ના રોજ ત્રણ મેચ અને તા.૧૩/૧૨/૨૦૧૯ના રોજ ફાઈનલ મેચ રમાઈ હતી.

તા.૧૩/૧૨/૨૦૧૯ના રોજ સવારે ૮.૩૦ કલાકે ડી.આર.બી. કોલેજ ક્રિકેટ ગ્રાઉન્ડ ભરથાણા ખાતે મેયર્સ ટીમ વર્સીસ કમિશનર ટીમ વચ્ચે ચેમ્પીયનશીપ હાંસલ કરવા જંગ જામ્યો હતો. મેયર્સ ટીમે ટોસ જીતી પ્રથમ બેટીંગ પર હાથ અજમાવી પ્રવિણભાઈ પટેલના ૪ ચોગ્ગા સાથે ૨૦ બોલમાં ૨૪ રન, ભાવેશભાઈ ભુંભણીયાના ૨૯ બોલમાં ૨૧ રન, ભદ્રેશભાઈ પરમારના ૧૯ બોલમાં ૨૦ રન અને લાલજીભાઈ ઘોરીના ૧૬ બોલમાં ૧૮ રનની મદદથી નિર્ધારીત ૨૦ ઓવરમાં ૫ વિકેટે ૧૨૪ રનનો સ્કોર કર્યો હતો. કમિશનર ઈલેવનના બોલર મુદસર શીરગરએ ૩ વિકેટ હાંસલ કરી હતી. કમિશનર ટીમના જીતેન્દ્ર પરમારના ૪૮ બોલમાં ૨ ચોગ્ગા અને ૨ સીકસર સાથે ૫૪ રન અને આનંદ પરતીવાલાના ૪૮ બોલમાં ૪૪ રનની શાનદાર બેટીંગથી હરિફ ટીમએ આપેલ લક્ષ્યને ૧૯ ઓવરમાં ૨ વિકેટે સર કરતાં કમિશનર ઈલેવન ૮ વિકેટે ભવ્ય વિજય સાથે ચેમ્પીયન બની હતી. મેયર્સ ટીમ વતી લાલજીભાઈ ઘોરીને ૨ વિકેટ લેવામાં સફળતા મળી હતી. આ ફાઈનલ મેચમાં ધારાસભ્યશ્રી વિવેકભાઈ પટેલ અને ધારાસભ્યશ્રી પ્રવિણભાઈ ઘોઘારીએ પણ ઉપસ્થિત રહી ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

આ "મેયર્સ કપ T-20 ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૯"ની રનર્સ–અપ ટ્રોફી મેયર્સ ટીમ અને ચેમ્પીયન ટ્રોફી કમિશનર ટીમ, મેન ઓફ ધ સીરીઝ કમિશનર ઈલેવનના આનંદ પરતીવાલા, બેસ્ટ બેટ્સમેન મેયર્સ ટીમના પ્રવિણભાઈ પટેલ, બેસ્ટ બોલર કમિશનર ઈલેવનના મુદ્દશર શીરગર, બેસ્ટ ફીલ્ડર મેયર્સ ટીમના ભદ્રેશભાઈ પરમાર તથા મેન ઓફ ધી મેચ સુરત પ્રેસ ફોટોગ્રાફર ટીમના સરજુ પારેખ, સુરત શહેર પત્રકાર સંઘના ઈસરાઈલ શેખ, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ટીમના સુનિલ પટેલ, રીજીયોનલ ચેનલ ટીમના દેવેશ સોલંકી, સુરત ચેનલ કેમેરામેન ટીમના ભાવેશ ઉપાધ્યાય, સુરત શહેર પત્રકાર સંઘના મહેન્દ્ર પાટીલ, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ટીમના હસમુખભાઈ પટેલ અને ફાઈનલ મેચના મેન ઓફ ધ મેચ લાલજીભાઈ ઘોરીને માન.મેયરશ્રી ડૉ.જગદીશ પટેલ, ડે.મેયરશ્રી નિરવ એસ.શાહ, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી અનિલભાઈ ગોપલાણી, શાસકપક્ષ નેતાશ્રી ગિરિજાશંકર મિશ્રા, શાસકપક્ષ દંડક શ્રીમતી દક્ષાબેન જરીવાલા, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી

રશ્મિકાબેન પટેલ, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓના વરદ હસ્તે ટ્રોફી એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ ક્રિકેટ ટુર્નામેન્ટમાં વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુનિસિપલ સભ્યશ્રીઓ, મ્યુનિસિપલ અધિકારીગણ, પ્રીન્ટ અને ઈલેકટ્રોનીક મીડીયાના પ્રતિનિધિઓ તથા આમંત્રિતો મોટી સંખ્યામાં હાજર રહી ક્રિકેટ મેચને માણી હતી.

સમાચાર યાદી નં. ૫૭૮ , તા.૧૩/૧૨/૨૦૧૯, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.





# <u>પ્રેસનોટ</u>

## <u>વેરા વસુલાતમાં લિંબાયત ઝોને બોલાવેલો સપાટો</u>

સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)ના મે.આસી.કમિશ્નરશ્રીના માર્ગદર્શન હેઠળ આકારણી અને વેરા વસુલાત વિભાગના સ્ટાફ દ્વારા તા.૦૯/૧૨/૨૦૧૯ થી તા.૧૨/૧૨/૨૦૧૯ સુધીમાં આંજણા, માન દરવાજા તથા ભાઠેના વિસ્તારમાં આવેલ ઈન્ડસ્ટ્રીયલ તથા કોર્મર્શીયલ મિલકતોમાં વેરા વસુલાતની ઝુંબેશ કરવામાં આવતા લાંબા સમયથી વેરો ભરપાઈ ન કરતા કરદાતાઓમાં ફફડાટ ફેલાયો હતો. જેમાં <u>**૨૨**</u> જેટલી મિલ્કતોને ટાંચમાં લઈ સીલ કરવામાં આવતા ઘણાં કરદાતાઓએ સ્થળ પર જ **રૂા. <u>૫૨.૦૦</u> લાખ**થી વધુની રકમની વસુલાત કરી દીધેલ છે.

આ કામગીરી તા.૧૩/૧૨/૨૦૧૯ ના રોજ પણ ચાલુ રાખવામાં આવેલ. જેમાં <u>**૧૦**</u> મિલકતોને ટાંચમાં લઈ સીલ કરવામાં આવતા કરદાતાઓ પાસેથી રૂા. <u>**૨૭.૮૦**</u> લાખ રકમ વસુલ કરવામાં આવેલ છે. આમ સપ્તાહ દરમ્યાન કુલ **રૂા.<u>૭૯.૮૦</u>** લાખ વેરાની વસુલાત કરવામાં આવેલ છે.

વધુમાં, આગામી દિવસોમાં પણ સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)માં આવેલ તમામ ઈન્ડસ્ટ્રીયલ તેમજ કોમર્શીયલ વિસ્તારમાં પણ લાંબા સમયથી વેરો ભરપાઈ ન કરતા કરદાતાની મિલ્કતોને ટાંચમાં લઈ સીલીંગની કાર્યવાહી કરવામાં આવનાર છે. તથા રેસીડેન્સ એરીયામાં બાકીદારોની મિલકતોમાં નળ કનેકશન તેમજ ડ્રેનેજ કનેકશન કાપવાની ઝુંબેશ કરવામાં આવનાર છે.

આથી જે કરદાતાઓનો મિલ્કત વેરો બાકી છે. તેમણે ઝોન ઓફિસ તથા સીવીક સેન્ટરનો સંપર્ક કરી તાત્કાલિક વેરો ભરવા ખાસ જણાવવામાં આવે છે.

જનસંપર્ક વિભાગ<br>
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર<br>
સમાચાર યાદી નંબર–૫૭૯<br>
તા.૧૩/૧૨/૨૦૧૯

## :: પ્રેસનોટ ::

## "સરદાર વલ્લભભાઈ પટેલ નિર્વાણ દિન"

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા સરદાર વલ્લભભાઈ પટેલ નિર્વાણ દિન નિમિત્તે શ્રધ્ધાજંલિ સહ વંદના કાર્યક્રમ.

સુરત મહાનગરપાલિકા દ્વારા સુરત મહાનગરપાલિકા દ્વારા સરદાર વલ્લભભાઈ પટેલની નિર્વાણ દિન નિમિત્તે તા.૧૫/૧૨/૨૦૧૯ને રવિવારના રોજ સવારે ૮.૩૦ કલાકે સુરત રેલ્વે સ્ટેશન સામે આવેલ સરદાર વલ્લભભાઈ પટેલ પ્રતિમા પાસે શ્રધ્ધાંજલિ સહ વંદના કાર્યક્રમ રાખવામાં આવેલ છે. સ્વતંત્ર ભારતની એકતાના શિલ્પકાર અને કુશળ વહીવટકાર સરદાર વલ્લભભાઈ પટેલને શ્રધ્ધાસુમન અર્પણ સહ વંદના કાર્યક્રમમાં સહભાગી થવા સુરત રેલ્વે સ્ટેશન સામે આવેલ સરદાર વલ્લભભાઈ પટેલ પ્રતિમા પાસે સમયસર ઉપસ્થિત રહેવા જાહેર જનતાને નિમંત્રણ છે.

સમાચારયાદી નં. ૫૮૦ , તા.૧૩ /૧૨/૨૦૧૯, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

:: પ્રેસનોટ ::

## "સરદાર વલ્લભભાઈ પટેલ નિર્વાણ દિન"

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા સરદાર વલ્લભભાઈ પટેલ નિર્વાણ દિન નિમિત્તે શ્રધ્ધાજંલિ સહ વંદના કાર્યક્રમ.

સુરત મહાનગરપાલિકા દ્વારા સુરત મહાનગરપાલિકા દ્વારા સરદાર વલ્લભભાઈ પટેલના નિર્વાણ દિન નિમિત્તે તા.૧૫/૧૨/૨૦૧૯ને રવિવારના રોજ સવારે ૮.૩૦ કલાકે સુરત રેલ્વે સ્ટેશન સામે આવેલ સરદાર વલ્લભભાઈ પટેલ પ્રતિમા પાસે શ્રધ્ધાંજલિ સહ વંદના કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. સ્વતંત્ર ભારતની એકતાના શિલ્પકાર અને કુશળ વહીવટકાર સરદાર વલ્લભભાઈ પટેલને માન.મેયરશ્રી ડૉ.જગદીશ પટેલ, ધારાસભ્યશ્રી વિવેકભાઈ પટેલ,ધારાસભ્યશ્રી વી.ડી.ઝાલાવડીયા, શાસકપક્ષ નેતાશ્રી ગિરિજાશંકર મિશ્રા, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રશ્મિકાબેન પટેલ, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુનિસિપલ સદસ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ તથા શહેરીજનોએ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ સહ વંદના કરી હતી.

**સમાચાર યાદી નં. ૫૮૧ , તા.૧૫/૧૨/૨૦૧૯, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.**








:: પ્રેસનોટ ::

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૩/૦૧/૨૦૨૦ના રોજ સ્વામી વિવેકાનંદ ઓડિટોરીયમ ખાતે આયોજીત ભજન સ્પર્ધામાં ભાગ લેવા બાબત.

સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૩/૦૧/૨૦૨૦ને શુક્રવારના રોજ સવારે ૧૧.૦૦ કલાકે ભજન સ્પર્ધાનું આયોજન સ્વામી વિવેકાનંદ ઓડિટોરીયમ, ન.પ્રા.શિ.સ. શાળા નં.૭૧ના કમ્પાઉન્ડમાં, જુની બોમ્બે માર્કેટ પાસે, ઉમરવાડા, સુરત ખાતે કરવામાં આવેલ છે. આ ભજન સ્પર્ધામાં સુરત શહેરમાં આવેલ સંસ્થાઓના **૩૦ વર્ષથી વધુ વયના** ભાઈઓ–બહેનો ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશ ફોર્મ સાંસ્કૃતિક વિભાગ, સુરત મહાનગરપાલિકા મુખ્ય કચેરી, રૂમ નં.૨૬, મુગલીસરા, સુરત ખાતેથી ઓફિસ સમય દરમ્યાન મેળવી ભરેલા **પ્રવેશપત્રો તા.૩૧/૧૨/૨૦૧૯** સુધીમાં પરત કરવાના રહેશે. આ ઉપરાંત સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ www.suratmunicipal.gov.in/information/news પરથી પણ સ્પર્ધા અંગેની પ્રેસનોટ, નિયમો અને પ્રવેશફોર્મની વિગત મળી શકશે.

સમાચારયાદી નં.૫૮૨, તા.૧૬/૧૨/૨૦૧૯, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

## —:: પ્રેસનોટ ::—

મા. મ્યુ. કમિશ્નરશ્રી અને મા. ડે.મ્યુ. કમિશ્નરશ્રીની સુચના અન્વયે સુરત શહેરમાં આગ અકસ્માતનાં બનાવમાં કમી આવે તે અર્થે ફાયર અને ઈમરજન્સી વિભાગ ધ્વારા શહેરનાં વિવિધ વિસ્તારમાં નીચે મુજબની કાર્યવાહી હાથ કરવામાં આવેલ.

**૧. સ્કુલ તેમજ કોર્મશીયલ ઈમારતોમાં અપુરતી ફાયર સેફટીની સુવિધાનાં કારણે સીલ કરેલ**

- ડીડોલી, તિલકનગર ખાતે આવેલ શ્રી છત્રપતિ શિવાજી વિદ્યાસંકુલને અપુરતી પુરતી ફાયર સેફટીની સુવિધા હોય જેથી જાહેર સલામતીને ઘ્યાને લેતા સીલીગ કરવામાં આવેલ છે.
- ડીડોલી, હસ્તીનગર સોસા. ખાતે પ્લોટ નં. ૧૦ ઉપર આવેલ રોઝ બર્ડસ સ્કુલને અપુરતી પુરતી ફાયર સેફટીની સુવિધા હોય જેથી જાહેર સલામતીને ઘ્યાને લેતા સીલીગ કરવામાં આવેલ છે.
- ઉધનાં વિસ્તારમાં આવેલ ધ્રુવ મોટર્સને અપુરતી પુરતી ફાયર સેફટીની સુવિધા હોય જેથી જાહેર સલામતીને ઘ્યાને લેતા સીલીગ કરવામાં આવેલ છે.
- ઉધના વિસ્તારમાં આવેલ દેવકીનંદન હિન્દી વિદ્યાલય, આર.બી. ન્યુ મોડલ ઇંગ્લિશ સ્કુલ અને શ્રી કૃષ્ણ રાષ્ટ્રીય હિન્દી ઉચ્ચતર માઘ્યમિક વિદ્યાલયને અપુરતી પુરતી ફાયર સેફટીની સુવિધા હોય જેથી જાહેર સલામતીને ઘ્યાને લેતા સીલીગ કરવામાં આવેલ છે.
- ઉધના વિસ્તારમાં આવેલ શારદા વિદ્યામંદિરને અપુરતી પુરતી ફાયર સેફટીની સુવિધા હોય જેથી જાહેર સલામતીને ઘ્યાને લેતા સીલીગ કરવામાં આવેલ છે.
- ઉધના, બમરોલી, તૃપ્તીનગર વિસ્તારમાં આવેલ મુવી ઍંગલ થીએટર મલ્ટીપ્લેક્ષ (જલારામ ગોલ્ડ વિડીયો) સિનેમાંને અપુરતી પુરતી ફાયર સેફટીની સુવિધા હોય જેથી જાહેર સલામતીને ઘ્યાને લેતા સીલીગ કરવામાં આવેલ છે.

<u>૩ સુરત ફાયર વિભાગ ધ્વારા ફાયર સેફટીનો ડેમો /તાલીમ આપવામાં આવેલ તેની વિગ</u>

- કાપોદ્રામાં આવેલ સુમન શાળા નં. ૦૯માં કુલ ૩૦૦ વિદ્યાર્થી અને શિક્ષકને ફાયર સેફટીની તાલીમ આપવામાં આવેલ.

- <u>ઉપરોક્ત કામગીરી જાહેર સલામતીને ઘ્યાને લઈને કરવામાં આવેલ છે.</u>

<u>જનસંપર્ક વિભાગ</u>
<u>સુરત મહાનગરપાલિકા તરફથી સાદર</u>
<u>સમાચાર યાદી નં. ૫૮૩........</u>
<u>તા.૧૬/૧૨/૨૦૧૯</u>

# :: પ્રેસનોટ ::

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા "એક ભારત શ્રેષ્ઠ ભારત" વિષય ઉપર "રાષ્ટ્રીય એકતા શિબિર" અંતર્ગત કલા અને સંસ્કૃતિને ઉજાગર કરતા વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમો બાબત.

ભારત સરકારના યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલયના સહયોગથી ગુજરાત રાજયના સુરત જિલ્લાને "રાષ્ટ્રીય એકતા શિબિર" માટે પસંદગી કરવામાં આવેલ છે. આ "રાષ્ટ્રીય એકતા શિબિર" અંતર્ગત "એક ભારત શ્રેષ્ઠ ભારત"ના વિષય પર વિવિધ કાર્યક્રમોનું આયોજન તા.૧૭/૧૨/૨૦૧૯ થી તા.૨૧/૧૨/૨૦૧૯ દરમ્યાન મહાવિદેહ તીર્થધામ, દાદા ભગવાન કેમ્પસ, કામરેજ ચાર રસ્તા, કામરેજ ખાતે કરવામાં આવેલ છે. દેશના૧૨ રાજયોના ૨૫૦થી વધુ કલાકારો આ શિબિરમાં ભાગ લેશે.

આપણો દેશ ભારત એ વિવિધ સંસ્કૃતિઓની વૈવિધ્યતા ધરાવતો એક અનોખો દેશ છે. જયાં અનેકતામાં એકતા એ સૌથી અગત્યનુ અંગ છે અને વિવિધ જાતિઓની જનસંખ્યામાં આદિજાતિ પણ નોંધ પાત્ર પ્રમાણ ધરાવે છે. ભારતની આદિ સંસ્કૃતિ, તેના રીત રિવાજો, પ્રથા વિગેરે ભારતની સંસ્કૃતિ અને સભ્યતા સાથે સર્વવ્યાપી છે અને દેશના ખુણે ખુણે પથરાયેલા છે. દેશમાં કલા અને સંસ્કૃતિના આદાન પ્રદાનના ભાગરૂપે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૦/૧૨/૨૦૧૯ના રોજ સાંજે ૬.૦૦ કલાકે ગોપી તળાવ, કોટ્સફીલ રોડ, સુરત ખાતે ગુજરાતની ભાતીગળ સંસ્કૃતિને ઉજાગર કરતા વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં વિવિધ રાજયો જમ્મુ કાશ્મીર, પંજાબ, રાજસ્થાન, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, છત્તીસગઢ, ઝારખંડ, મહારાષ્ટ્ર, વેસ્ટ બંગાળ, ગોવા, દમણ સહિત ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં પધારેલ કલાકારો પણ પોતાની કલા સંસ્કૃતિ અને કલા વારસાને નૃત્યોથી અભિવ્યકત કરશે. વધુમાં આવનાર કલાકારોને સાયન્સ સેન્ટરની મુલાકાત તથા 'અનન્ય સુરત'ની ઝાંખી કરાવવામાં આવશે.

તા.૨૦/૧૨/૨૦૧૯ના રોજ ગોપીતળાવ ખાતે યોજાનાર વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમ સાથે ચર્તુમુખી વાવ, એન્વાયરમેન્ટ ઝોન, ફુડ ઝોન, કિડ્સ ઝોન, ડાન્સીંગ ફુવારા, ગઝેબો તેમજ ગોપી તળાવના અનન્ય નઝારાને પ્રવેશ ટિકીટ મેળવીને માંણવા જાહેર જનતાને ભાવભર્યુ નિમંત્રણ છે

સમાચારયાદી નં. ૫૮૪, તા.૧૭/૧૨/૨૦૧૯, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

# સુરત મહાનગરપાલિકા

# નોર્થઝોન(કતારગામ)

# પ્રેસનોટ

આજ રોજ તા.૧૭/૧૨/૨૦૧૯ ના દિને નોર્થઝોન(કતારગામ) ખાતે માન. મેયરશ્રીની અધ્યક્ષતામાં, માન. ધારાસભ્યશ્રી, માન. ડે. મેયરશ્રી, માન. અધ્યક્ષશ્રી(સ્થાયી સમિતિ), માન. શાસકપક્ષનાં નેતાશ્રી અને કતારગામ ઝોન વિસ્તારનાં મ્યુ.સભ્યશ્રીઓનાં ઝોન વિસ્તારનાં વણઉકેલ્યા પ્રશ્નોનાં ઝડપી ઉકેલ અર્થે સુરત મહાનગરપાલિકાનાં વિવિધ વિભાગીય વડાશ્રીઓ અને તમામ અધિકારી/કર્મચારીશ્રીઓ સાથે એક સંકલન મીટીંગનું આયોજન કરવામાં આવેલ હતુ.

મીટીંગમાં  નોર્થઝોન(કતારગામ)નાં વિવિધ પ્રોજેકટસ તથા બજેટ અંગેનું સંક્ષિપ્ત પ્રેઝન્ટેશન દર્શાવવામાં આવેલ. ત્યારબાદ વોર્ડ વાઈઝ સભ્યશ્રીઓનાં પ્રશ્નો અંગે વિસ્તૃત  ચર્ચા કરવામાં આવેલ. તમામ પ્રશ્નો અન્વયે બૃહદ ચર્ચા બાદ તમામ વિભાગો સાથે પરામર્શ કર્યા બાદ સકારાત્મક નિર્ણયો લેવામાં આવેલ.

સદરહુ બેઠકમાં મુખ્યત્વે નાગરિકોની પ્રાથમિક સુવિધાઓ જેવી કે  ડ્રેનેજ, પાણી, લાઈટ, રસ્તા બનાવવાનાં, દબાણો હટાવવા તથા ખુલ્લા પ્લોટોનો કબજો મેળવવા માટે ચર્ચા કરવામાં આવી. તેમજ પ્રાથમિક સુવિધાનાં કામે અમુક મુદ્દે પોલીસી નકકી કરવા, સુરત મહાનગરપાલિકામાં આર્કિટેકની પેનલ નકકી કરવા અને બમ્પ તેમજ ટ્રાફિકનાં અન્ય પ્રશ્નો અંગે વિસ્તાર પૂર્વક ચર્ચા કરવામાં આવી હતી. મા. મેયરશ્રીએ આ અંગે તાકીદે જે તે લેવલે વિભાગો સાથે સંકલન કરી ઘટતી કાર્યવાહી કરવા ભારપૂર્વક સુચના આપી હતી.

સમાચારયાદી નં. ૫૮૫,  તા.૧૭/૧૨/૨૦૧૯,  જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.





# પ્રે સ નો ટ

આજ રોજ તા. ૧૭/૧૨/૨૦૧૯ ના રોજ ફુડ ઈન્સ્પેકશન બ્રાન્ચના ફુડ સેફટી ઓફીસરો ધ્વારા કાશીપ્લાઝા, શ્રીનાથજી ટ્રાવેલ્સ તથા ડીસન્ટ હોટલની આજુબાજુ ના વિસ્તારમાં આવેલ કેળા પકવાતા વેપારીઓની નીચે મુજબની સંસ્થાઓની સ્થળ તપાસ કરી તેમાંથી ૩(ત્રણ) શંકાસ્પદ પાણી અને ૫(પાંચ) કેળા પકવવાના કેમીકલના સર્વેલન્સ નમુનાઓ લઈ પૃથ્થકરણ સારુ ફુડ એનાલીસ્ટ સુરત મહાનગરપાલિકાને મોકલી આપવામાં આવેલ છે.

| અ.નં. | સંસ્થા / માલીકનું નામ | સરનામુ |
|---|---|---|
| ૧. | એસ.એસ.કેળા | સરદાર પેલેસ બેઝમેન્ટ, ડીસન્ટ હોટલની નીચે સરદાર માર્કેટની બાજુમા. સુરત. |
| ૨. | સાનીયા ફ્રુટસ | કાશીપ્લાઝા, શ્રીનાથ ટ્રાવેલ્સની બાજુમાં સરદાર માર્કેટની બાજુમા. સુરત. |
| ૩. | વિશ્વાસ ફ્રુટસ | કાશીપ્લાઝા, શ્રીનાથ ટ્રાવેલ્સની બાજુમાં સરદાર માર્કેટની બાજુમા. સુરત. |
| ૪. | યોગેન્દ્ર ગુપ્તા | કાશીપ્લાઝા, શ્રીનાથ ટ્રાવેલ્સની બાજુમાં સરદાર માર્કેટની બાજુમા. સુરત. |
| ૫. | સલીમ હાજી મો.અલી શેખ | કાશીપ્લાઝા, શ્રીનાથ ટ્રાવેલ્સની બાજુમાં સરદાર માર્કેટની બાજુમા. સુરત. |
| ૬. | જોગેન્દ્ર ગુપ્તા | કાશીપ્લાઝા, શ્રીનાથ ટ્રાવેલ્સની બાજુમાં સરદાર માર્કેટની બાજુમા. સુરત. |
| ૭. | ઈમરાનભાઈ ઈસ્માઈલભાઈ ભરી | સરદાર પેલેસ બેઝમેન્ટ, ડીસન્ટ હોટલની નીચે સરદાર માર્કેટની બાજુમા. સુરત. |
| ૮. | સુભાષચંદ્ર ફુલચંદ્ર મોર્ય | સરદાર પેલેસ બેઝમેન્ટ, ડીસન્ટ હોટલની નીચે સરદાર માર્કેટની બાજુમા. સુરત. |

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર પાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં.........................
તા.૧૭/૧૨/૨૦૧૯

# ::પ્રેસનોટ::

સુરત મહાનગરપાલિકાનાં વેસ્ટ ઝોન (રાંદેર) નાં વોર્ડ નં.૧૭ ગોરાટ ખાતે ફાળવવામાં આવેલ સામાન્ય પહોંચ બુક નં.૩૬૬૬–૨૦૧૯/૨૦૨૦ ગુમ થયેલ છે. જેમાં રસીદ નં.૩૬૬૫૦૧ થી ૩૬૬૬૦૦ પૈકી રસીદ નં. ૩૬૬૫૦૧ થી ૩૬૬૫૧૪ સુધી કુલ ૧૪ રસીદ વપરાયેલ હતી. રસીદ નં.૩૬૬૫૧૫ થી ૩૬૬૬૦૦ સુધી કુલ – ૮૬ રસીદ વણવપરાયેલ રહેલ હતી. જે બાબતે તા. ૧૫/૧૧/૨૦૧૯ ના રોજ રાંદેર પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ કરેલ. રસીદબુકની સદર વણવપરાયેલ રસીદો સુરત મહાનગરપાલિકા ધ્વારા રદ કરાયેલ છે. તે બાબતની જાહેર જનતાને નોધ લેવા વિનંતી.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નંબર ૫૮૭
તા.૧૮/૧૨/૨૦૧૯

# પ્રેસનોટ

**સુરત મહાનગરપાલિકાના સા.વે.(અઠવા) ઝોનના આરોગ્ય વિભાગ દ્વારા સ્વચ્છ ભારત મિશન હેઠળ "સ્વચ્છતા સર્વેક્ષણ – ૨૦૨૦" અંતર્ગત કરેલ કામગીરીની અખબારી યાદીઃ–**

સ્વચ્છ ભારત મિશન હેઠળ "સ્વચ્છતા સર્વેક્ષણ ૨૦૨૦" માં સુરત મહાનગરપાલિકા ભાગ લઈ રહેલ હોય જેના અનુસંધાનમાં ડે.કમિશનરશ્રી (હેલ્થ અને હોસ્પિ.) ની સુચના મુજબ તથા નાયબ આરોગ્ય અધિકારીશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ સા.વે.(અઠવા) ઝોન વિસ્તારમાં આવેલ સ્કૂલો, સોસાયટીઓ, હોટેલો, હોસ્પિટલો, ત્રિમાસિક (ઓકટોબર–૧૯ થી ડિસેમ્બર–૧૯) "સ્વચ્છતા સ્પર્ધા"નું આયોજન કરવામાં આવેલ છે. જેમાં કુલ સ્કુલ–૪૨, કુલ હોસ્પિટલ–૧૯,કુલ હોટલ–રેસ્ટોરન્ટ–૪૫ તથા કુલ સોસાયટી–૩૮ ભાગ લીધેલ આ સ્પર્ધામાં પ્રથમ ક્રમ, બીજો ક્રમ અને ત્રીજો ક્રમ મેળવનાર સંસ્થાને પ્રશંસાપત્ર આપવામાં આવેલ છે. જેની માહિતી નીચે મુજબ છે.

સ્કૂલોની માહિતી

| ક્રમ | સ્કૂલોના નામ | મુળવેલ ગુણ ૧૦૦ માંથી |
|---|---|---|
| પ્રથમ | સેંટ ઝેવિયર્સ હાઈસ્કુલ | ૧૦૦ |
| દ્વિતીય | જે.એચ.અંબાણી વિદ્યામંદિર | ૯૮ |
| તૃતીય | એસ.ડી જૈન મોર્ડન સ્કુલ | ૯૫ |

હોસ્પિટલની માહિતી

| અ.નં. | હોસ્પિટલોના નામ | મુળવેલ ગુણ ૧૦૦ માંથી |
|---|---|---|
| પ્રથમ | મેટાસ એડવાન્ટીસ હોસ્પિટલ | ૯૯ |
| દ્વિતીય | ધ્વતિ પ્રભુ જનરલ હોસ્પિટલ એન્ડ બેન્કર્સ હોર્ટ | ૯૭ |
| તૃતીય | સનસાઈન ગ્લોબલ હોસ્પિટલ | ૯૫ |

## હોટેલ–રેસ્ટોરન્ટની માહિતી

| અ.નં. | હોટલ – રેસ્ટોરન્ટના નામ | મુળવેલ ગુણ ૧૦૦ માંથી |
|---|---|---|
| પ્રથમ | ટી.જી.બી | ૯૯ |
| દ્વિતીય | મેરીઓટ હોટેલ | ૯૮ |
| તૃતીય | સિલ્વર નેસ્ટ રેસ્ટોરન્ટ | ૯૭ |

## સોસાયટીની માહિતી

| અ.નં. | સોસાયટીના નામ | મુળવેલ ગુણ ૧૦૦ માંથી |
|---|---|---|
| પ્રથમ | વાસ્તુ લકઝરીયા કો.ઓ. હાઉસીંગ સર્વીસ સોસાયટી લિ. | ૯૪ |
| દ્વિતીય | કેપીટલ ગ્રીન્સ કો.ઓ.હાઉસીંગ સર્વીસ સોસાયટી લિ. | ૯૪ |
| તૃતીય | ફલોરન્સ હાઉસીંગ સર્વીસ સોસાયટી | ૯૩ |

**જનસંપર્ક વિભાગ**
**સુરત મહાનગર પાલિકા તરફથી સાદર**
**સમાચાર યાદી નં.૫૮૮**
**તા.૧૯/૧૨/૨૦૧૯**

# :: પ્રેસનોટ ::

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા ''એક ભારત શ્રેષ્ઠ ભારત'' વિષય ઉપર ''રાષ્ટ્રીય એકતા શિબિર'' અંતર્ગત કલા અને સંસ્કૃતિને ઉજાગર કરતા વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમો બાબત.

ભારત સરકારના યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલયના સહયોગથી ગુજરાત રાજયના સુરત જિલ્લાને ''રાષ્ટ્રીય એકતા શિબિર'' માટે પસંદગી કરવામાં આવેલ છે. આ ''રાષ્ટ્રીય એકતા શિબિર'' અંતર્ગત ''એક ભારત શ્રેષ્ઠ ભારત''ના વિષય પર વિવિધ કાર્યક્રમોનું આયોજન તા.૧૭/૧૨/૨૦૧૯ થી તા.૨૧/૧૨/૨૦૧૯ દરમ્યાન મહાવિદેહ તીર્થધામ, દાદા ભગવાન કેમ્પસ, કામરેજ ચાર રસ્તા, કામરેજ ખાતે કરવામાં આવેલ છે. દેશના૧૨ રાજયોના ૨૫૦થી વધુ કલાકારો આ શિબિરમાં ભાગ લેશે.

આપણો દેશ ભારત એ વિવિધ સંસ્કૃતિઓની વૈવિધ્યતા ધરાવતો એક અનોખો દેશ છે. જયાં અનેકતામાં એકતા એ સૌથી અગત્યનુ અંગ છે અને વિવિધ જાતિઓની જનસંખ્યામાં આદિજાતિ પણ નોંધ પાત્ર પ્રમાણ ધરાવે છે. ભારતની આદિ સંસ્કૃતિ, તેના રીત રિવાજો, પ્રથા વિગેરે ભારતની સંસ્કૃતિ અને સભ્યતા સાથે સર્વવ્યાપી છે અને દેશના ખુણે ખુણે પથરાયેલા છે. દેશમાં કલા અને સંસ્કૃતિના આદાન પ્રદાનના ભાગરૂપે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૦/૧૨/૨૦૧૯ના રોજ સાંજે ૬.૦૦ કલાકે ગોપી તળાવ, કોટ્સફીલ રોડ, સુરત ખાતે ગુજરાતની ભાતીગળ સંસ્કૃતિને ઉજાગર કરતા વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં વિવિધ રાજયો જમ્મુ કાશ્મીર, પંજાબ, રાજસ્થાન, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, છત્તીસગઢ, ઝારખંડ, મહારાષ્ટ્ર, વેસ્ટ બંગાળ, ગોવા, દમણ સહિત ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં પધારેલ કલાકારો પણ  પોતાની  કલા સંસ્કૃતિ અને કલા વારસાને નૃત્યોથી અભિવ્યકત કરશે. વધુમાં આવનાર કલાકારોને સાયન્સ સેન્ટરની મુલાકાત તથા 'અનન્ય સુરત'ની ઝાંખી કરાવવામાં આવશે.

તા.૨૦/૧૨/૨૦૧૯ના રોજ ગોપીતળાવ ખાતે યોજાનાર વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમ સાથે ચર્તુમુખી વાવ, એન્વાયરમેન્ટ ઝોન, ફુડ ઝોન, કિડ્સ ઝોન, ડાન્સીંગ ફુવારા, ગઝેબો તેમજ ગોપી તળાવના અનન્ય નઝારાને પ્રવેશ ટિકીટ મેળવીને માંણવા જાહેર જનતાને ભાવભર્યુ નિમંત્રણ છે

સમાચારયાદી નં. ૫૮૯,  તા.૧૯/૧૨/૨૦૧૯, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.



ભારત સરકાર
યુવા કાર્ય અને રમતગમત મંત્રાલયના સહયોગથી
નહેરૂ યુવા કેન્દ્ર અને સુરત મહાનગરપાલિકા
આયોજીત
''એક ભારત શ્રેષ્ઠ ભારત''
સાંસ્કૃતિક કાર્યક્રમ
તારીખ : ૨૦-૧૨-૨૦૧૯
સમય સાંજે ૬:૩૦ કલાકે
: સ્થળ :
ગોપી તળાવ, સુરત

# સૂર્યગ્રહણ

પૃથ્વી સૂર્યની ફરતે પરિક્રમા કરે છે તથા ચંદ્ર પૃથ્વીની ફરતે પરિક્રમા કરે છે. આ પ્રકારની ગતિ દરમ્યાન કયારેક સૂર્ય, પૃથ્વી અને ચંદ્ર એક સીધી રેખામાં આવે છે. જેથી સૂર્યગ્રહણ તેમજ ચંદ્રગ્રહણ જેવી ખગોળીય ઘટનાઓ બને છે.

ડિસેમ્બર ૨૬, ૨૦૧૯માં થનાર સૂર્ય ગ્રહણમાં ચંદ્ર દ્વારા સૂર્ય ૭૨% જેટલો ઢંકાશે. જેમાં સૂર્યગ્રહણની શરૂઆત સવારે ૦૮:૦૫ કલાકે થશે જેમાં સૌથી વધુ સૂર્યગ્રહણ સવારે ૦૯:૨૨ કલાકે થશે. અને સૂર્યગ્રહણનાં મોક્ષનો સમય સવારે ૧૦:૫૫ કલાકે રહેશે.

આ અલૌકિક ખગોળીય ઘટના અત્રે સાયન્સ સેન્ટર સુરત ખાતેથી નિદર્શન કરાવી શકાય તેમ છે, જો આદેશ હોય તો જાહેર જનતાને ડિસેમ્બર ૨૬, ૨૦૧૯ ના રોજ સવારે ૦૮:૦૦ થી ૧૧:૦૦ કલાક દરમ્યાન સાયન્સ સેન્ટર ખાતે ઉપલબ્ધ ટેલિસ્કોપ દ્વારા ખંડગ્રાસ સૂર્યગ્રહણ બતાવવાની વ્યવસ્થા કરવામાં આવી છે, જેથી જાહેર જનતાએ લાભ લેવા વિનંતી.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા
નં.પી.આર.ઓ./

# –:: **પ્રેસનોટ** ::–

તા.૨૦–૧૨–૨૦૧૯ નાં રોજ સુરત મહાનગરપાલિકાનાં આરોગ્ય ખાતા ધ્વારા "તમાકુ નિયંત્રણ અધિનિયમ–૨૦૦૩" મુજબ શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ પ્રતિબંધિત હોઈ જે અંતર્ગત અભિયાન હાથ ધરવામાં આવેલ. જે સંદર્ભે આજરોજ તમામ ઝોનમાં આવેલ શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ કરતા ઈસમો સામે નીચે મુજબની શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ. જેથી શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ કરનારાઓમાં સન્નાટો ફેલાય જવા પામ્યો છે.

| ઝોન | શૈક્ષણિક સંસ્થાની સંખ્યા કુલ | શૈક્ષણિક સંસ્થાની ૧૦૦ વારની ત્રિજયામાં આવેલ કાચા – પાકા કુલ પાનના ગલ્લાની સંખ્યા | શૈક્ષણિક સંસ્થાની ૧૦૦ વારની ત્રિજયામાં તમાકુ પ્રોડકટનું વેચાણ કરતા કાચા – પાકા કુલ પાનના ગલ્લાની સંખ્યા | શૈક્ષણિક સંસ્થાની ૧૦૦ વારની ત્રિજયામાં તમાકુ પ્રોડકટનું વેચાણ કરતા ઝડપાયેલ ઈસમોની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ રૂ.માં |
|---|---|---|---|---|---|
| **સેન્ટ્રલ** | ૨૯ | ૧૪ | ૧૪ | ૧૪ | ૨૮૦૦ |
| **વરાછા (એ)** | ૧૭૮ | ૧૭૮ | ૩૦ | ૩૦ | ૬૦૦૦ |
| **વરાછા (બી)** | ૪૯ | ૨૮ | ૧૬ | ૧૬ | ૩૨૦૦ |
| **રાંદેર** | ૫૬ | ૪૨ | ૩૫ | ૨૧ | ૪૨૦૦ |
| **કતારગામ** | ૭૮ | ૫૬ | ૩૪ | ૧૮ | ૩૬૦૦ |
| **ઉધના** | ૧૪૮ | ૪૭ | ૧૫ | ૧૫ | ૩૦૦૦ |
| **લિબાયત** | ૩૫ | ૫૪ | ૧૬ | ૧૬ | ૩૨૦૦ |
| **અઠવા** | ૯૨ | ૪૧ | ૧૪ | ૧૪ | ૨૮૦૦ |
| **કુલ** | ૬૬૫ | ૪૬૦ | ૧૭૪ | ૧૪૪ | ૨૮૮૦૦ |

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં.૫૯૧
તા.૨૦–૧૨–૨૦૧૯

# સુરત મહાનગરપાલિકા

## યુ.સી.ડી. વિભાગ

## અખબારી યાદી

**સરથાણા કોમ્યુનીટી હોલ, સરથાણા પ્રાણી સંગ્રહાલયથી પરમસુખ ગુરુકુળ જતા રસ્તા પર, શ્રધ્ધા સોસા.ની સામે, સરથાણા, સુરત ખાતે સુરતમહાનગરપાલિકા ધ્વારા સેવાસેતુ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવેલ.**

રાજય સરકારશ્રી દ્વારા અમલીકૃત અનેકવિધ લોકઉપયોગી યોજનાઓ પ્રવૃતિઓ તથા વહિવટ પ્રત્યે પ્રજાના પ્રશ્નોનો ન્યાયીક ચોકકસ તથા ઝડપી ઉકેલ આવે તેમજ રાજયના વહિવટમાં પારદર્શીતા વધે તે હેતુથી નાગરીકોની વ્યકિતલક્ષી યોજનાઓ સંલગ્ન વિભાગો દ્વારા સ્થળ ઉપર જ ઉકેલ લાવી શકાય તે હેતુસર તા.૨૦/૧૨/૨૦૧૯ ના રોજ સવારે ૦૯:૦૦ થી ૦૫:૦૦ કલાક દરમ્યાન સરથાણા કોમ્યુનીટી હોલ, સરથાણા પ્રાણી સંગ્રહાલયથી પરમસુખ ગુરુકુળ જતા રસ્તા પર, શ્રધ્ધા સોસા.ની સામે, સરથાણા, સુરત ખાતે સુરત મહાનગરપાલિકા ધ્વારા સેવાસેતુ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવેલ હતુ.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે સેવાસેતુ કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવેલ. આ કાર્યક્રમમાં પ્રાસંગીક ઉદબોધન કરતા આજના સમારંભ મા.મેયરશ્રી જગદીશભાઈ પટેલે સરકારશ્રીની વિવિધ યોજનાઓ વિશે લોકોને જણાવ્યુ હતુ. તેમજ તેઓએ વાત્સલ્ય કાર્ડ ધ્વારા લોકોને શું ફાયદાઓ થાય છે. તેના વિશે પણ વિસ્તૃત માહિતી આપી હતી અને અંતે પડોસી, સગા-સબંધીઓને સેવાસેતુ કાર્યક્રમ અંગે માહિતી આપવા જણાવેલ. આરોગ્ય અને પરિવાર કલ્યાણ, તબીબી શિક્ષણ મંત્રી શ્રી કિશોરભાઈ કાનાણી (કુમાર) ધ્વારા સેવાસેતુ કાર્યક્રમમા મા વાત્સલ્ય/ અમૃતમ કાર્ડનો લાભ મેળવી રાજ્ય સરકારશ્રીની આરોગ્ય લગતી સેવાઓ/ લાભ જેવા કે ઘુટણના ઓપરેસન તથા અન્ય બીમારીને લગતી સારવાર કેશલેશ મેળવવા માટે આહવાન કરવામાં આવેલ. સરકારશ્રીની યોજનાઓના લાભ લ પ્રમાણપત્રલ સર્ટીલ કાર્ડ વગેરે મેળવવા સરકારી વિભાગો સુધી જવુ પડતુ નથી પરંતુ સેવાસેતુ કાર્યક્રમ ધ્વારા લોકોનો સમય બચી રહે છે અને લોકોને સરળતાથી લાભ પ્રાપ્ત કરી રહયા છે. આ કાર્યક્રમને ઉત્સવ ગણીને લોકોએ વધુમાં વધુ લોકો લાભ મેળવે એવી આશા વ્યકત કરી. આજના સેવાસેતુ કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન મ્યુ.સદસ્ય શ્રીમતિ ઉર્વશીબેન રામીમાળી તથા આભારવિધી મ્યુ.સદસ્ય શ્રી ભવાનભાઈ સિસારાએ કરી હતી.

આ સેવાસેતુ કાર્યક્રમમાં સુરત ૧૬૧ વરાછા વિધાનસભા વિસ્તારના મંત્રી શ્રી કિશોરભાઈ કાનાણી (કુમાર), વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ લ વિવિધ વોર્ડના મ્યુ. સદસ્યશ્રીઓ તથા સુરત મહાનગરપાલિકાના અધિકારીઓએ ઉપસ્થિત રહી લાભાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. સેવાસેતુ કાર્યક્રમમાં વિવિધ વિભાગો જે કે મહેસુલ વિભાગલ સમાજ કલ્યાણ વિભાગલ જિલ્લા ઉદ્યોગ કેન્દ્રલ સીટી સર્વે સુપ્રીટેન્ડન્ટલ સમાજ સુરક્ષા વિભાગલ પુરવઠા વિભાગ તથા સુરત મહાનગર પાલીકાના ગુમાસ્તા વિભાગ લ વ્યવસાય વેરા વિભાગ લ આકારણી/વસુલાત/પ્રોપર્ટી ટેક્ષ વિભાગ લ આર.સી.એચ. વિભાગલ વિવિધ બેંકોલ શ્રમિક કલ્યાણ બોર્ડ લ આરટીઓલ વગેરે ધ્વારા દિવસ દરમ્યાન કુલ. <u>૨૪૫૨</u> લાભાર્થીઓએ આવકનો દાખલોલ ક્રિમીલેયર સર્ટી. લ પંચનામાલ ધાર્મિક લઘુમતિ પ્રમાણપત્ર લ વિધવા સહાયલ વૃધ્ધ સહાયલ જાતિના દાખલાલ બાજપાઈ બેંકેબલ યોજનાલ માનવ કલ્યાણ યોજનાલ દિવ્યાંગ સર્ટી.લ મા વાત્સલ્ય કાર્ડલ મા અમૃતમ કાર્ડ જેવી વિવિધ રજુઆતોનો સ્થળ પર નિકાલનો લાભ મેળવેલ. તે સંદર્ભે લોકો પણ ઘણી પ્રસન્નતાની લાગણી વ્યકત કરતા જોવા મળ્યા તેમજ એકજ સ્થળ પરથી રજુઆતોના નિકાલ માટેના આ સેવાસેતુ કાર્યક્રમના આયોજનલ વિસ્તારના રહીશો ધ્વારા ખુબ જ પ્રેરક પ્રતિસાદ મળેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા
સમાચાર યાદી નં. 592
તા. ૨૦/૧૨/૨૦૧૯




સુરત મહાનગરપાલિકા


સુરત મહાનગરપાલિકા



# :: પ્રેસનોટ ::

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા "એક ભારત શ્રેષ્ઠ ભારત" વિષય ઉપર "રાષ્ટ્રીય એકતા શિબિર" અંતર્ગત કલા અને સંસ્કૃતિને ઉજાગર કરતા વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમો બાબત.

ભારત સરકારના યુવા કાર્ય અને ખેલ મંત્રાલય અંતર્ગત નહેરૂ યુવા કેન્દ્ર દ્વારા "એક ભારત શ્રેષ્ઠ ભારત" વિષય ઉપર "રાષ્ટ્રીય એકતા શિબિર" અન્વયે તા.૨૦/૧૨/૨૦૧૯ના રોજ સાંજે ૬.૦૦ કલાકે ગોપી તળાવ, કોટસફીલ રોડ, સુરત ખાતે ૧૨ રાજયોના ૨૫૦ કલાકારો અને સ્થાનિક કલાકારો દ્વારા ગુજરાતની ભાતીગળ સંસ્કૃતિને ઉજાગર કરતા વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. ભારત સરકારના યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલયના સહયોગથી ગુજરાત રાજયના સુરત જિલ્લાને "રાષ્ટ્રીય એકતા શિબિર" માટે પસંદગી કરવામાં આવતાં તા.૧૭/૧૨/૨૦૧૯ થી તા.૨૧/૧૨/૨૦૧૯ દરમ્યાન મહાવિદેહ તીર્થધામ, દાદા ભગવાન કેમ્પસ, કામરેજ ચાર રસ્તા, કામરેજ ખાતે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. આ શિબિરમાં દેશના ૧૨ રાજયોના ૨૫૦થી વધુ કલાકારોએ ભાગ લીધો છે. આપણો ભારત દેશએ સંસ્કૃતિઓની વૈવિધ્યતા ધરાવતો એક અનોખો દેશ છે. જયાં અનેકત્વમાં એકતા એ સૌથી અગત્યનુ અંગ છે. ભારતીય સંસ્કૃતિ અને તેના રીત રિવાજો, પ્રથા, સભ્યતા સાથે સર્વવ્યાપી છે અને દેશના ખુણે ખુણે પથરાયેલા છે.

દેશમાં પથરાયેલી આ કલા અને સંસ્કૃતિના આદાન પ્રદાનના ભાગરૂપે સુરત મહાનગરપાલિકા આયોજત આ સાંસ્કૃતિ કાર્યક્રમનો શુભાંરભ તા.૨૦/૧૨/૨૦૧૯ના રોજ સુવર્ણમયી સંધ્યાએ ગોપીતળાવ ખાતે ઉપસ્થિત મહાનુભાવો હસ્તે દીપપ્રાગ્યટ્યથી થયો હતો. પ્રથમ નૃત્યમ નર્તન અકાદમીની બાળાએ નટરાજન પ્રાર્થનાથી કરી હતી. દેવરિયા–ઉત્તર પ્રદેશથી આવેલ કલાવૃંદએ ગણેશ વંદના કરી હતી. ભટીંડા–પંજાબના યુવાનોએ ભાંગડા નૃત્ય કરી રંગ જમાવ્યો હતો. જયપુર–રાજસ્થાનના કલાકારોએ ધરતી ધરોહર નૃત્ય દ્વારા રાજસ્થાની લોકસંસ્કૃતિની ઝાંખી કરાવી હતી. ધામોહ–મધ્ય પ્રદેશના કલાકારોનું બુંદી લુરાઈ નૃત્ય, ધામતરી અને રાયપુર–છત્તીસગઢના શિબિરાર્થીઓનું બારામાસી લોકનૃત્ય આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. પલામુ–ઝારખંડથી પધારેલ કલાકારોના દેશભકિત ગીત નૃત્યએ દેશપ્રેમના રંગમાં તરબોળ કર્યા હતા. મુંબઈ–મહારાષ્ટ્રનું જોગવાનૃત્ય, પણજી–ગોવાનું સકારતી નૃત્ય, દમણનું માછીનૃત્યએ જનમેદનીના દિલ જીતી લીધાં હતાં. નોર્થ કોલકાતા–વેસ્ટ બેંગાલના પરંપરાગત પહેરવેશમાં બંગાળી લોકનૃત્યએ લોકસંસ્કૃતિના દર્શન કરાવ્યા હતા. જમ્મુ એન્ડ કાશ્મિરના પૂંચ અને રાજોરીની બાળાઓના સુમધુર કંઠે કવાયેલ ગોજટ / પહાડી ગીત અને સુફી ગીત સાંભળી ઉપસ્થિત સૌ ભાવવિભાર થયા હતા. દેશના વિવિધ ખૂણેથી પધારેલ કલાકારો પોતાની કલા સંસ્કૃતિ અને કલા વારસાને સુરતીઓની દાદ મળતાં તથા સુરતીઓની મહેમાનગતિ માણી ખુશખુશાલ થઈ ગયા હતા. ગુજરાતના છોટાઉદેપુર, મહેસાણા, જામનગર તથા સુરતના કલાકારોએ ગુજરાતની ભાતીગળ સંસ્કૃતિને ઉજાગર કરતા ગરબા, ટીમલીનૃત્ય, ખ્યાતિ અને સિધ્ધિ ધમાલને ૧૨ રાજયમાંથી પધારેલ કલાકારો સાથે સહેલાણીઓએ પણ તાળીઓથી બિરદાવી હતી. અંતિમ કૃતિમાં તમામ કલાકારોએ સામુહિક નૃત્ય કરી "એક ભારત શ્રેષ્ઠ ભારત"ની થીમને સાર્થક કરી હતી. નગરજનોના મનોરંજન માટે શહેરની મધ્ય ભાગમાં જ સાકાર થયેલા ગોપી તળાવ ખાતે યોજાયેલ આ કાર્યક્રમને માન.મેયરશ્રી ડૉ.જગદીશ પટેલ, ધારાસભ્યશ્રી વિવેકભાઈ પટેલ, ડે.મેયરશ્રી નિરવ એસ.શાહ, નહેરૂ યુવા કેન્દ્ર રાજય નિર્દેશકશ્રી મનિષાબેન શાહ, નહેરૂ યુવા કેન્દ્ર–સુરત જિલ્લા યુવા સંયોજકશ્રી સચીન શર્મા, રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતાશ્રી વિજયભાઈ રાવલ, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ.સભ્યશ્રીઓ, શહેરના નગરજનો અને સહેલાણીઓ સહિત ૧૨ રાજયો જમ્મુ કાશ્મીર, પંજાબ, રાજસ્થાન, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, છત્તીસગઢ, ઝારખંડ, મહારાષ્ટ્ર, વેસ્ટ બંગાળ, ગોવા, દમણ સહિત ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં પધારેલ કલાકારોએ પણ મન ભરીને માણ્યો હતો.

સમાચારયાદી નં. ૫૯૩ , તા.૨૧/૧૨/૨૦૧૯, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

**સુરત મહાનગર પાલિકા**

**વાહકજન્ય રોગનિયંત્રણ વિભાગ, મુખ્યકચેરી**

**અખબારી યાદી**

# સુરત મહાનગરપાલિકાના વાહકજન્ય રોગનિયંત્રણ વિભાગ દ્વારા માસ ડ્રાય ડે કેમ્પેઈન અંતર્ગત કરવામાં આવેલ કામગીરી

**મહાનગર પાલિકાના પદાધિકારીશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ, તેમજ આરોગ્ય, ટેકનીકલ વિભાગનો સ્ટાફ મળી અંદાજે ૧૨૨૫ જેટલા કર્મચારીઓ જોડાયા તેમજ તમામ ઝોન ખાતે વિવિધ સ્થળો પર રૂબરૂ હાજર રહી, શાળાનાં વિદ્યાર્થીઓ તેમજ જાહેર જનતાને તેમના ઘરમાં મચ્છરોની ઉત્પતિ રોકવા શું કાળજી લેવી જોઈએ તેમજ મચ્છરો તથા બ્રિડીંગનું લાઈવ ડેમોન્સ્ટ્રેશન બતાવી વિગતે સમજ આપી હતીઃ–**

સુરત મહાનગરપાલિકાના વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા ડેન્ગ્યુ, ચિકુનગુનિયા, મેલેરિયા જેવા રોગ ફેલાવતા મચ્છરોનાં નિયંત્રણ માટે સમગ્ર શહેરમાં **''માસ ડ્રાય ડે કેમ્પેઈન''** નું આજરોજ આયોજન કરવામાં આવેલ હતું. જે અંતર્ગત ડેન્ગ્યુ તેમજ ચિકુનગુનિયા રોગ માટે હાઈરીસ્ક એવા સ્લમ વિસ્તારો, સ્લમલાઈક વિસ્તારો તથા સોસાયટીઓમાં લોકોને પોતાના ઘરોમાં ડેન્ગ્યુ, ચિકુનગુનિયા જેવા રોગો માટે જવાબદાર એડિસ મચ્છરો ની ઉત્પતિ અટકાવવા માટે પાણી ભરવાના પાત્રો જેવા કે **પીપ, કેરબા, ડ્રમ, પવાલી, ડોલ, મની પ્લાન્ટ, ફ્રીજની ટ્રે, એરકુલરની ટ્રે, પક્ષીકુંજ, ફૂલ–છોડનાં કુંડામાં ભરાય રહેલ વધારાનું પાણી તથા ફૂલ–છોડનાં કુંડાની નીચે મુકવામાં આવેલ ડીસ** વિગેરે દર શનિવારે સંપૂર્ણ ખાલી કરી પાત્રોની અંદરની સપાટીને કાથાની દોરી વડે ઘસી, સુકવીને ત્યારબાદ જ પાણી ભરે અને પાણી ભરવાના તમામ પાત્રો ઢાંકીને રાખવા સમજ આપવામાં આવી હતી.

આજરોજ તમામ ઝોનોમાં વીબીડીસી વિભાગના તમામ સ્ટાફ દ્વારા હાઉસ ટુ હાઉસ સર્વે, પેમ્ફલેટ વિતરણ,પોસ્ટરો,બેનરો દ્વારા લોકોમાં જનજાગૃતિ આવે તેમજ દર શનિવારે લોકો પોતાની જાતે જ ડ્રાય ડે અંતર્ગત ઘરના પાણી ભરવાના તમામ પાત્રો સાફ રાખે તથા ઢાંકીને રાખે તેવી ટેવ પડે લોકોમાં અવેરનેશ આવે તે માટે સમજ આપવામાં આવી હતી. આ કેમ્પેઈનમાં હાઉસ ટુ હાઉસ આરોગ્ય શિક્ષણ,લાઈવ ડેમોન્સ્ટ્રેશન ઘનિષ્ઠ રીતે કરવામાં આવેલ હતું. આજરોજ કુલ **૪૮૯** વિસ્તારોમાં **૧૩૨૪૦** ઘરો અને અંદાજિત **૬૬૨૦૦** વસ્તી આવરી લેવામાં આવેલ હતી. તેમજ **૫૩૦૫૦** વહીવટી ખર્ચ વસુલ કરેલ, લોકોને પોતાના ઘરમાં રહેલા એડિસ મચ્છરોના ઉત્પતિ સ્થાનો રૂબરૂ બતાવવામાં આવેલ હતા. કુલ **૪૩** સ્થળોએ મચ્છરના વિવિધ સ્ટેજ લાઈવ ડેમોન્સ્ટ્રેશનથી બતાવવામાં આવેલ હતા, જેમાં કુલ **૫૬૮૬૦** લોકો સામેલ થયા હતા અને આરોગ્ય શિક્ષણ મેળવ્યુ હતુ. આ કામગીરીમાં મહાનગરપાલિકાનાં

કર્મચારી  ધ્વારા મચ્છરો,મચ્છરોના લાર્વા(પાણીપોરા) તથા પોરભક્ષક માછલીઓ નું લાઈવ ડેમોન્સ્ટ્રેશન તથા આરોગ્યલક્ષી શિક્ષણ આપવામાં આવ્યું હતું.

આજનાં ડ્રાય–ડે ઝુંબેશમાં સુરત મહાનગર પાલિકાનાં કોર્પોરેટરશ્રીઓ, મહાનગર પાલિકાનાં વિવિધ ઝોનનાં વડાશ્રીઓ, આસી.જંતુનાશક અધિકારીશ્રીઓ,  કલેરીકલ સ્ટાફ, ૨૦ સેનેટરી ઈન્સ્પેકટર, ૪૬ સેનેટરી સબ ઈન્સ્પેકટર, ૪૧૦ પ્રાયમરી હેલ્થ વર્કરો અને સર્વેલન્સ વર્કરો, ૬૩૩ મુકાદમો અને બેલદારો મળી કુલ ૧૨૨૫  જુદી–જુદી કેડરના કર્મચારીઓ જોડાયા હતા. આ કામગીરીનાં પ્રચાર–પ્રસાર માટે ૩૧ બેનરો, ૨૮૮૫૩ જેટલા પેમ્ફલેટનો ઉપયોગ કરવામાં આવ્યો તથા ૧૦૯૪ નકામા કંટેનરોનો નિકાલ કરવામાં આવ્યો.

**તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૦૪ નો ઉપયોગ કરવો.**
**સમય સવારે ૮.૦૦ થી રાત્રે  ૮.૦૦**

જનસંપર્ક વિભાગ
સમાચાર યાદી નં. ૫૯૪
તા.૨૧–૧૨–૨૦૧૯

# પ્રેસ નોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર પરિવહન સેવાના ભાગરૂપે શહેરીજનોને સુરત શહેર તથા આજુબાજુ વિસ્તારમાં બી.આર.ટી.એસ. અને સીટીબસની સુવિધા રાહત દરે પુરી પાડવામાં આવી રહેલ છે. શહેરના નાગરિકો દ્વારા બસ સેવાનો ખુબજ સારા પ્રમાણમાં લાભ લેવામાં આવી રહેલ છે . જેના પરિણામે મુસાફરોની સંખ્યામાં ઉત્તરો-ઉત્તર વધારો થઇ રહેલ છે. હાલમાં બી.આર.ટી.એસ. ના કુલ ૧૨ રૂટ મળીને આશરે દૈનિક ૧,૨૦,૦૦૦ થી વધુ પેસેન્જ રો તેમજ સીટીબસ ના કુલ ૪૩ રૂટ ઉપર આશરે દૈનિક ૧,૩૦,૦૦૦ પેસેન્જશરો મળી કુલ ૨,૫૦,૦૦૦ જેટલા નાગરિકો જાહેરપરિવહન સેવાનો લાભ લઇ રહેલ છે.

સુરત મહાનગરપાલિકા દ્વારા પુરી પાડવામાં આવી રહેલ જાહેર પરિવહન સેવા કે જેમાં BRTS અને સીટીબસ સેવાનો શહેરીજનોને વધુમાં વધુ લાભ લે તે માટે સુરત સીટીલીંક લી . દ્વારા સુરત મનીકાર્ડનાં ટીકીટલેશ ટ્રાન્ઝેક્શનથી બસભાડામાં વિધાર્થી અને દિવ્યાંગજનને ૪૦%, સિનીયર સિટીઝન અને મહિલાઓને ૨૫%, અંધજન અને સ્વાતંત્ર્ય સેનાનીને ૧૦૦% રાહત આપવામાં આવે છે. સુરત મહાનગરપાલિકા દ્વારા પર્સનલાઈઝ્ સુરત મનીકાર્ડમાં હાલમાં આપવામાં આવતા ડિસ્કાઉન્ટની ૬(છ) કેટેગરી સિવાયના મનીકાર્ડ ધારકોને તેમજ તમામ નોન -પર્સનલાઈઝ્ સુરત મનીકાર્ડ ધારકોને રોજબરોજનાં બસભાડામાં સુરત મનીકાર્ડનાં ટીકીટલેશ ટ્રાન્ઝેક્શનથી મુસાફરીમાં ૧૦% Flat ડિસ્કાઉન્ટ તા.૨૩/૧૨/૨૦૧૯ થી આપવામાં આવનાર છે. જેનો જાહેર જનતાને સદરહુ સેવાનો લાભ લેવા અનુરોધ કરવામાં આવે છે.

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર

સમાચાર યાદી નં. 595

તા. ૨૧/૧૨/૨૦૧૯

# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા,યુનિસેફ અને રામકૃષ્ણ સંવેદના ટ્રસ્ટ આયોજિત "સાથી" પ્રોજેકટ અંતર્ગત સુમન શાળાઓની વિદ્યાર્થીનીઓમાં માસિક સ્વચ્છતા વ્યવસ્થાપન કાર્યક્રમ અંતર્ગત વર્ષ દરમ્યાન કરવામાં આવેલ વિવિધ પ્રવૃતિઓના ભાગરૂપે સુરત મહાનગરપાલિકા સંચાલિત સુમન હાઈસ્કુલ નં.૩ (કતારગામ) ખાતે તા.૧૭/૧૨/૧૯ ના રોજ બપોરે ૧૧:૩૦ કલાકે શાળા કેમ્પસ ખાતે સશકિતકરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.સદર કાર્યક્રમમાં યુનિસેફ ભારતના વડા,ડો.યાસ્મીન અલી હક્,ખાસ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરેલ ઉપરાંત શ્રી લક્ષ્મીભવાની (યુનિસેફ ગુજરાતના વડા), શ્રી શ્યામનારાયણ દવે(યુનિસેફ ગુજરાતના વોશ સ્પેશ્યાલીસ્ટ),ડો.ગાયત્રીબેન જરીવાલા (આસી.કમિશનર અને ઈન્ચાર્જ ડેપ્યુટી કમિશનર, સુરત મહાનગરપાલિકા ),ગોવિંદભાઈ કિડેચા(નિરીક્ષક અને ઈ.ચા. વહીવટી અધિકારીશ્રી, સુમન શાળા વિભાગ),ડો.અમી યાજ્ઞિક (ઈન્ચાર્જ,સાથી પ્રોજેકટ) તથા શ્રી મહેન્દ્રભાઈ પટેલ (અધિકારીશ્રી, સેલ ઈન્ડીયા કંપની) ઉપસ્થિત રહયા હતા.

બપોરે ૧૨:૦૦ કલાકે મહેમાનોનું શાળામાં આગમન થતા શાળાની વિદ્યાર્થીનીઓ દ્વારા કંકુતિલક કરી સ્વાગત કરવામાં આવ્યુ.ત્યારબાદ શાળાના સભાખંડમાં યોજાવામાં આવેલ પ્રદર્શન નિહાળ્યા બાદ ડો.યાસ્મીન અલી હક્ દ્વારા પીઅર એજયુકેટર્સ વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ તેમજ પ્રશ્નોતરી કરવામાં આવી હતી.જેમાં વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક પોતાનાં અનુભવો રજુ કર્યા તેમજ પૂછવામાં આવેલ પ્રશ્નોના ઉત્તરો આપ્યા.ત્યારબાદ **MMH** કોર્નરની મુલાકાત બાદ સાથી પ્રોજેકટ અંતર્ગત યોજાયેલ પોસ્ટર સ્પર્ધા અને રંગોળી સ્પર્ધાના વિજેતાઓને સન્માનિત કરવા માટે શાળાનાં પટાંગણમાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ.જેમાં વિજેતા વિવિધ સુમન શાળાના વિદ્યાર્થીઓ સહિત ૭૦૦ જેટલા વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં કાર્યક્રમની શરૂઆત દીપપ્રાગટય અને પ્રાર્થનાથી કરવામાં આવ્યા બાદ સુરત મહાનગર પાલિકાના આસી. કમિશનર અને ઈ.ચા.ડેપ્યુટી કમિશનર શ્રીમતી ડો.ગાયત્રીબેન જરીવાલા દવારા પ્રાસંગિક ઉદ્દબોધન બાદ સાથી પ્રોજેકટના પ્રોજેકટ ઈન્ચાર્જ ડો. અમીબેન યાજ્ઞિક દ્વારા સદર પ્રોજેકટની માહિતી પૂરી પાડવામાં આવી. ત્યાર બાદ " સાથી પ્રોજેકટ " અંતર્ગત સુમન શાળાઓ ખાતે યોજાયેલ પોસ્ટર સ્પર્ધા અને રંગોળી સ્પર્ધાના વિજેતાઓને મહેમાનોના હસ્તે ટ્રોફી એનાયત કરવામાં આવી.ત્યારબાદ યુનિસેફ ભારતના વડા ડો. યાસ્મીન અલી હક્ દ્વારા વિધાર્થીઓને સંબોધતા માસિક સ્વચ્છતા વ્યવસ્થાપન અંતર્ગત શાળાના કુમાર વિદ્યાર્થીઓએ પણ જાણકારી મેળવી તે સાંભળી ખશી વ્યકત કરતા તમામ વિદ્યાર્થીઓને સ્ત્રીઓ (કન્યાઓ) પ્રત્યે આદરભાવ રાખવા તેમજ સ્ત્રીઓનું સન્માન કરવા પર જણાવવામાં આવ્યુ.અંતે શાળાના આચાર્ય શ્રીમતી ઈશિતાબેન જોષી દ્વારા આભારવિધિ કરવામાં આવી.સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાની ધોરણ–૯ માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની શીતલ પાંડે દવારા કરવામાં આવ્યુ હતુ.

કાર્યક્રમને સફળ બનાવવામાં સુમન હાઈસ્કુલ નં.૩ શાળાના તમામ કર્મચારીઓ દવારા પ્રશંસનીય કામગીરી કરવામાં આવેલ.

સમાચારયાદી નં. ૫૯૬ , તા.૨૧/૧૨/૨૦૧૯, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.



યુનિસેફ,ભારતના વડા ડો.યાસ્મીન અલી હક્  સુમન હાઈસ્કુલની મુલાકાતે



## –:: પ્રેસનોટ ::–

મા. મ્યુ. કમિશ્નરશ્રી અને મા. ડે.મ્યુ. કમિશ્નરશ્રીની સુચના અન્વયે સુરત શહેરમાં આગ અકસ્માતનાં બનાવમાં કમી આવે તે અર્થે ફાયર અને ઈમરજન્સી વિભાગ ધ્વારા શહેરનાં વિવિધ વિસ્તારમાં નીચે મુજબની કાર્યવાહી હાથ કરવામાં આવેલ.

**૧. કોર્મશીયલ ઈમારતોમાં અપુરતી ફાયર સેફટીની સુવિધાનાં કારણે સીલ કરેલ**

- અઠવા ઝોનમાં આવેલ સાયન્સ સેન્ટરની સામે આવેલ શામ હાઉસ કોર્પોરટ કોર્મશીયલ ઈમારતને અપુરતી પુરતી ફાયર સેફટીની સુવિધા હોય જેથી જાહેર સલામતીને ધ્યાને લેતા સીલીગ કરવામાં આવેલ છે.

**૨. સુરત મહાનગરપાલિકાનાં કર્મચારીઓ ધ્વારા દ્વિતીય ભારતીય ફાયર સર્વિસીસ ગેમ્સ–૨૦૧૯ (નેશનલ લેવલની ગેમમાં ) ગોલ્ડ મેડલ તેમજ સીલ્વર મેડલ વિજેતા થયેલ જે બાબત.**

ભારત સરકારનાં ફાયર વિભાગ ધ્વારા લખનો ખાતે દ્વિતીય ભારતીય ફાયર સર્વિસીસ ગેમ્સ–૨૦૧૯ તા. ૨૦ થી ૨૪ ડીસેમ્બર સુધી રમાઈ રહેલ એથ્લેટીકસ ગેમ્સ, વોલીબોલ, સ્વીમીગ જેવી વિવિધ કેટેગરીની રમતોમાં ભાગ લેવા અત્રેનાં સુરત ફાયર વિભાગનાં ફાયરમેન /માર્શલ વિગેરેની ટીમ મોકલવામાં આવેલ જેમાં કતારગામ ફાયર સ્ટેશન ખાતે માર્શલ તરીકે ફરજ બજાવતા શ્રી જેનીશ કાંતિભાઈ પોમલા (કર્મચારી નં. ૮૬૫૭૧) ૪૦૦ મીટર દોડમાં ગોલ્ડ મેડલ મેળવેલ જયારે ૨૦૦ મીટરની દોડમાં સીલ્વર મેડલ મેળવી સુરત ફાયર અને ઈમરજન્સી વિભાગ અને સુરત મહાનગરપાલિકાને રાષ્ટ્રીય લેવલે ગૌરવ પ્રદાન કરેલ.

**૩ સુરત મ.ન.પા.વેબસાઈટ પર રજીસ્ટર્ડ થયેલ ફાયર વોલીયન્ટરને ફાયરસેફટીને લગતી તાલીમ આપવા બાબત.**

- સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ ઉપર રજીસ્ટર્ડ થયેલ ફાયર વોલીયન્ટરને અડાજણ પર્ફોમીગ આર્ટ સેન્ટર, એલ.પી. સવાણી સુરત ખાતે પ્રથમ દિવસે આગનાં પ્રકાર અને આગ ઓલવવાની પધ્ધતિઓ, ફાયર એક્ષ્ટીગ્યુશરની ઓળખ તેનો ઉપયોગ, હોઝ અને હોઝ ફીટીગ્સની પધ્ધતિઓ, હાઈરાઈઝ અને લો રાઈઝ ઈમારતોમાં રેસ્કયુ કામે લેડર્સ લગાવવા, રેસ્કયુનાં સાધનો ઓપરેટ કરવા, આગ ઓલવવાનાં કામે અતિ આધુનિક વાહન / સાધનનો ઉપયોગ કઈ રીતે કરવું તેની ૦૩–૦૦ કલાક સુધી તાલીમ આપવામાં આવેલ.

**૪ સુરત ફાયર વિભાગ ધ્વારા ફાયર સેફટીનો ડેમો /તાલીમ આપવામાં આવેલ તેની વિગત.**

- સરદાર પટેલ સ્મુતિભવન, મીની બજાર, વરાછા રોડ, સુરત ખાતે લેટસ સેલીબ્રેટ ધ્વારા બેઝીક ફાયર સેફટી ટોપીક યોજવામાં આવેલ જેમાં શહેરનાં પ્રતિષ્ઠીત ડોકટર એન્જીનીયર જેવા ૫૦૦ સમાનીય નાગરીકોને ફાયર સલામતીની તાલીમ આપવામાં આવેલ.

<u>ઉપરોક્ત કામગીરી જાહેર સલામતીને ધ્યાને લઈને કરવામાં આવેલ છે.</u>

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં....૫૯૭.........
તા.૨૧/૧૨/૨૦૧૯

# સુરત મહાનગરપાલિકા
# નવો પૂર્વ(વરાછા) ઝોન–બી
# પ્રેસનોટ

આજ રોજ તા.૨૩/૧૨/૨૦૧૯ ના દિને નવો પૂર્વ(વરાછા) ઝોન–બી ખાતે માન. મેયરશ્રીની અધ્યક્ષતામાં માન. ડે.મેયરશ્રી, માન. અધ્યક્ષશ્રી (સ્થાયી સમિતિ), માન. શાસકપક્ષનાં નેતાશ્રી, માન. વિરોધપક્ષના નેતાશ્રી અને નવો પૂર્વ(વરાછા) ઝોન–બી વિસ્તારનાં મ્યુ. સભ્યશ્રીઓનાં ઝોન વિસ્તારનાં વણઉકેલ્યા પ્રશ્નોનાં ઝડપી ઉકેલ અર્થે સુરત મહાનગરપાલિકાનાં વિવિધ વિભાગીય વડાશ્રીઓ અને તમામ અધિકારી/કર્મચારીશ્રીઓ સાથે એક સંકલન મીટીંગનું આયોજન કરવામાં આવેલ હતું.

મીટીંગમાં નવો પૂર્વ(વરાછા) ઝોન–બીનાં વિવિધ પ્રોજેકટસ તથા બજેટ અંગેનું સંક્ષિપ્ત પ્રેઝેન્ટેશન દર્શાવવામાં આવેલ. ત્યારબાદ વોર્ડ વાઈઝ સભ્યશ્રીઓનાં પ્રશ્નો અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલ. તમામ પ્રશ્નો અન્વયે બૃહદ ચર્ચા બાદ તમામ વિભાગો સાથે પરામર્શ કર્યા બાદ સકારાત્મક નિર્ણયો લેવામાં આવેલ.

સદરહુ બેઠકમાં મુખ્યત્વે નાગરિકોની પ્રાથમિક સુવિધા જેવી કે ડ્રેનેજ, પાણી, લાઈટ, રસ્તા બનાવવા, ખાડી સફાઈ કરવા, ખાડીનો વિકાસ કરવા તેમજ મચ્છરોનો ઉપદ્રવ અટકાવવા માટે જરૂરી તમામ કાર્યવાહી કરવા તથા દબાણો હટાવવા ઘનિષ્ઠ પગલા લેવા માટે ચર્ચા કરવામાં આવી. તેમજ પ્રાથમિક સુવિધા ઉપલબ્ધ કરાવવા પડતી કાયદાકીય અવરોધ અંગે નિતિ બનાવવા અંગે સુચના આપી અને વિવિધ વિભાગો વચ્ચે સંકલન માટે નિર્ણય કરવામાં આવેલ તથા અમુક મુદ્દે પોલીસી નકકી કરવા, સુરત મહાનગરપાલિકામાં મા. મેયરશ્રીએ આ અંગે તાકીદે જે તે લેવલે વિભાગો સાથે સંકલન કરી ઘટતી કાર્યવાહી કરવા સુચના આપી હતી.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા
સમાચાર યાદી નં. **૫૯૮**
તા. ૨૩/૧૨/૨૦૧૯






:: પ્રેસનોટ ::

## "ગોપી કલા ઉત્સવ–૨૦૧૯"

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા "ગોપી કલા ઉત્સવ–૨૦૧૯" અંતર્ગત કલા અને સંસ્કૃતિને ઉજાગર કરતા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો બાબત.

દેશની સંસ્કૃતિના જતન અને સંવર્ધન સાથે ભાવિ પેઢીને ઐતિહાસિક વારસાથી અવગત કરાવવા સુરત મહાનગરપાલિકા દ્વારા "ગોપી કલા ઉત્સવ–૨૦૧૯" અંતર્ગત વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન તા.૨૬/૧૨/૨૦૧૯ થી તા.૩૧/૧૨/૨૦૧૯ દરમ્યાન દરરોજ સાંજે ૭.૦૦ થી ૧૦.૦૦ કલાક સુધી ગોપી તળાવ, કોટ્સફીલ રોડ, સુરત ખાતે કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૧૫માં ગોપી તળાવના ઐતિહાસિક વારસાની જાળવણી તથા શહેરીજનોને મનોરંજન માટે શહેરની મધ્યમાં ગોપીતળાવને નવપલ્લવિત કરી લોકાર્પણ કરવામાં આવેલ છે. શહેરની શાળા / સંસ્થાઓના બાળકો / કલાકારોને પ્રોત્સાહન મળે અને નગરજનોને વૈવિધ્યપૂર્ણ મનોરંજન મળી રહે તે માટે યોજાનાર આ "ગોપી કલા ઉત્સવ–૨૦૧૯"નો શુભારંભ તા.૨૬/૧૨/૨૦૧૯ના રોજ સાંજે ૭.૦૦ કલાકે સુરત મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ, સાંસદશ્રી/ધારાસભ્યશ્રીઓ, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુનિ.સભ્યશ્રીઓ અને સુરત શહેરની કલા પ્રેમી જનતાની ઉપસ્થિતિમાં યોજાશે. જેની વિગત નીચે મુજબ છે.

:: ગોપી કલા ઉત્સવ–૨૦૧૯ ::

| ક્રમ | તારીખ / વાર | વિગત | રીમાર્કસ |
|---|---|---|---|
| ૧ | ૨૬/૧૨/૨૦૧૯ ગુરૂવાર | ઉદઘાટન વિધિ, સિંકોની કથક ડાન્સ એકેડમી, સરગમ ડાન્સ એકેડમી તથા શાળા અને સંસ્થાનો સાંસ્કૃતિક કાર્યક્રમ | સાંજે ૭.૦૦ કલાકે |
| ૨ | ૨૭/૧૨/૨૦૧૯ શુક્રવાર | કર્મસુ આર્ટનો સાંસ્કૃતિક કાર્યક્રમ | સાંજે ૭.૩૦ કલાકે |
| ૩ | ૨૮/૧૨/૨૦૧૯ શનિવાર | હારમોનીકા કલબ દ્વારા હારમોનીકા પર મેલોડી અને ફલ્યુટ ફયુઝન તથા ગીતોનો ગુલદસ્તો કાર્યક્રમ | સાંજે ૭.૩૦ કલાકે |
| ૪ | ૨૯/૧૨/૨૦૧૯ રવિવાર | દિવ્યાંગ બાળકોનો ઓરકેસ્ટ્રા કાર્યક્રમ | સાંજે ૭.૩૦ કલાકે |
| ૫ | ૩૦/૧૨/૨૦૧૯ સોમવાર | નૃત્યમ નર્તન અકાદમી તથા શાળા અને સંસ્થાનો રંગારંગ કાર્યક્રમ | સાંજે ૭.૩૦ કલાકે |
| ૬ | ૩૧/૧૨/૨૦૧૯ મંગળવાર | સપ્તધ્વની સંગીતવર્ગ અને કલાવૃંદ તથા તથા શાળા અને સંસ્થાનો સાંસ્કૃતિક કાર્યક્રમ | સાંજે ૭.૩૦ કલાકે |

સુરત મહાનગરપાલિકા દ્વારા ૨૬મી ડિસેમ્બરથી સતત છ દિવસ સુધી "ગોપી કલા ઉત્સવ ૨૦૧૯" અંતર્ગત નગરજનોના મનોરંજન માટે શહેરની મધ્ય ભાગમાં જ સાકાર થયેલા ગોપીતળાવ ખાતે ચાલનારા વૈવિધ્યપૂર્ણ સંગીતના સથવારે ચર્તુમુખી વાવ, એન્વાયરમેન્ટ ઝોન, ફુડ ઝોન, કિડ્સ ઝોન, ડાન્સીંગ ફુવારા, ગઝેબો તેમજ ગોપી તળાવના અનન્ય નઝારાને માંણવા ટીકીટ મેળવી પ્રવેશ મેળવી શકાશે.

સમાચારયાદી નં. ૫૯૯ , તા.૨૪/૧૨/૨૦૧૯, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

## —:: પ્રેસનોટ ::—

મા. મ્યુ. કમિશનરશ્રી અને મા. ડે.મ્યુ. કમિશનરશ્રીની સુચના અન્વયે સુરત શહેરમાં આગ અકસ્માતનાં બનાવમાં કમી આવે તે અર્થે ફાયર અને ઈમરજન્સી વિભાગ દ્વારા શહેરનાં વિવિધ વિસ્તારમાં નીચે મુજબની કાર્યવાહી હાથ કરવામાં આવેલ.

**૧. હોસ્પિટલ તેમજ કોર્મશીયલ ઈમારતોમાં અપુરતી ફાયર સેફટીની સુવિધાનાં કારણે સીલ કરેલ**

- સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં રતન સીનેમાં પાસે આવેલ રોયલ ટ્રેડીગ ટાવરની વિવિધ પ્રકારની ૨૮૫ દુકાનોને અપુરતી પુરતી ફાયર સેફટીની સુવિધા હોય જેથી જાહેર સલામતીને ધ્યાને લેતા સીલીગ કરવામાં આવેલ છે.

- અઠવા ઝોનનાં ઉધના મગદલ્લા રોડ ખાતે નવજીવન સર્કલ પાસે આવેલ સુખલાલ પચ્ચીગર જનરલ હોસ્પિટલને અપુરતી પુરતી ફાયર સેફટીની સુવિધા હોય જેથી જાહેર સલામતીને ધ્યાને લેતા સીલીગ કરવામાં આવેલ છે.

<u>ઉપરોકત કામગીરી જાહેર સલામતીને ધ્યાને લઈને કરવામાં આવેલ છે.</u>

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં...૬૦૦...............
તા.૨૪/૧૨/૨૦૧૯

# <u>પ્રેસનોટ</u>

મા.વડાપ્રધાનશ્રી દ્વારા ભારતના શહેરોમાં સ્વચ્છતા પ્રત્યે જનજાગૃતિ આવે તે માટે સ્વચ્છ ભારત અભિયાનની શરૂઆત કરવામાં આવેલ. શહેરી વિકાસ મંત્રાલય દ્વારા શહેરો વચ્ચે સ્વચ્છતા સંદર્ભે પ્રતિસ્પર્ધાના હેતુથી ભારતના તમામ શહેરોમાં સ્વચ્છ સર્વેક્ષણ હાથ ધરવામાં આવે છે. આગામી સ્વચ્છ સર્વેક્ષણ જાન્યુઆરી–૨૦૨૦માં હાથ ધરવામાં આવનાર છે, જેમાં કામગીરીના દસ્તાવેજોનાં ૧૩૦૦ ગુણ, ત્રણ કવાર્ટરનાં સમયગાળામાં મેળવેલ રેંક આધારીત ગુણોનાં એવરજે ગણી ૨૦૦ ગુણમાંથી સ્વચ્છતા લીગનાં ગુણ લેવામાં આવશે. આ ઉપરાંતસ્ટાર રેટીંગનાં ૧૦૦૦ ગુણ, ઓ.ડી.એફ. સર્ટીફિકેટનાં ૫૦૦ ગુણ, પ્રત્યક્ષ સ્થળ નિરીક્ષણનાં ૧૫૦૦ ગુણ તથા નાગરીકોના પ્રતિભાવ અને સ્વચ્છતા એપ/લોકલએપને લાગત એપ ડાઉનલોડ, એપનાં એકટીવ યુઝર્સ તથા સમયમર્યાદામાં નિકાલ કરવામાં આવેલ ફરીયાદને આધારીત૧૫૦૦ ગુણ મળી કુલ ૬૦૦૦ ગુણ માટે મૂલ્યાંકન કરી સ્વચ્છતાસર્વેક્ષણ કરવામાં આવનાર છે.

ઉપરોકત ૬૦૦૦ ગુણ પૈકી સુરત મહાનગરપાલિકામાં સ્ટાર રેટીંગનાં ૧૦૦૦ ગુણ, ઓ.ડી.એફ. સર્ટીફિકેટનાં ૫૦૦ ગુણની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવેલ છે. ભારત સરકારની એજન્સીદ્વારા થર્ડ પાર્ટી ઈન્સ્પેકશન કર્યા બાદ સુરત મહાનગરપાલિકાને ODF++ અંગેનું રીસર્ટીફિકેશન આપવામાં આવેલ છે. જયારે સ્વચ્છતા સર્વેક્ષણ ૨૦૨૦ ને લાગત દસ્તાવેજો તૈયાર કરી ઓનલાઈન પોર્ટલ પર રજુ કરવા અંગેનાં ૧૩૦૦ ગુણની કામગીરી પૂર્ણતાને આરે છે તેમજ સ્વચ્છતા એપ/લોકલએપને લાગત એપ ડાઉનલોડ, એપનાં એકટીવ યુઝર્સ તથા સમયમર્યાદામાં નિકાલ કરવામાં આવેલ ફરીયાદની કામગીરી રાબેતા મુજબ કાર્યરત છે.

તદઉપરાંત આગામી જાન્યુઆરી–૨૦૨૦ માં રેસીડન્સીયલ વિસ્તાર કોમર્શીયલ વિસ્તાર, જાહેર/સામુહિક શૌચાલયો, ગાર્ડન, માર્કેટ, જાહેર પરિવહન સેવાનો સ્થળો વિગેરે સ્થળોએ પ્રત્યક્ષ સ્થળ નિરીક્ષણ તથા નાગરીકોનો પ્રતિભાવ મેળવવાની કામગીરી ભારત સરકાર દ્વારાનિયુકત કરેલ ટીમ દ્વારા કરવામાં આવશે.

જાહેર જનતાને આગામી જાન્યુઆરી–૨૦૨૦ માં થનાર સ્વચ્છતા સર્વેક્ષણ બાબતે સુરત મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવી રહેલ કામગીરીમાં સહકાર આપવા તથા તે બાબતે હકારાત્મક પ્રતિભાવ આપવા અપીલ કરવામાં આવે છે.

....................

:: પ્રેસનોટ ::

## "ગોપી કલા ઉત્સવ–૨૦૧૯નો શુભારંભ"

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા "ગોપી કલા ઉત્સવ–૨૦૧૯" અંતર્ગત કલા અને સંસ્કૃતિને ઉજાગર કરતા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો બાબત.

દેશની સંસ્કૃતિના જતન અને સંવર્ધન સાથે ભાવિ પેઢીને ઐતિહાસિક વારસાથી અવગત કરાવવા સુરત મહાનગરપાલિકા દ્વારા "ગોપી કલા ઉત્સવ–૨૦૧૯" અંતર્ગત વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન તા.૨૬/૧૨/૨૦૧૯ થી તા.૩૧/૧૨/૨૦૧૯ દરમ્યાન દરરોજ સાંજે ૭.૦૦ થી ૧૦.૦૦ કલાક સુધી ગોપી તળાવ, કોટ્સફીલ રોડ, સુરત ખાતે કરવામાં આવેલ છે. શહેરની શાળા / સંસ્થાઓના બાળકો / કલાકારોને પ્રોત્સાહન મળે અને નગરજનોને વૈવિધ્યપૂર્ણ મનોરંજન મળી રહે તે માટે આયોજીત આ "ગોપી કલા ઉત્સવ–૨૦૧૯"નો શુભારંભ તા.૨૬/૧૨/૨૦૧૯ના રોજ સાંજે ૭.૦૦ કલાકે માન.મેયરશ્રી ડૉ.જગદીશ પટેલ, ધારાસભ્યશ્રી પ્રવિણભાઈ ઘોઘારી, ધારાસભ્યશ્રીવિવેકભાઈ પટેલ, ડે.મેયરશ્રી નિરવ શાહ, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી અનિલભાઈ ગોપલાણી, શાસક પક્ષના નેતાશ્રી ગિરીજાશંકર મિશ્રા, દંડક શ્રીમતી દક્ષાબેન જરીવાલા, સમાજ કલ્યાણ આનંદ પ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષાશ્રીમતી રશ્મિકાબેન પટેલ, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુનિ.અધિકારીશ્રીઓ અને મ્યુ.સદસ્યશ્રીઓએ દિપ પ્રાગ્ટય કરી કરાવ્યો હતો. પ્રાસંગિક ઉદ્દબોધનમાં માન.મેયરશ્રી ડૉ.જગદીશ પટેલએ સૌને આવકારી ગોપીતળાવના ઈતિહાસની વિસ્તૃત માહિતી આપી સુરત મહાનગરપાલિકા દ્વારા વર્ષ ૨૦૧૫માં ગોપી તળાવના ઐતિહાસિક વારસાની જાળવણી તથા શહેરીજનોને મનોરંજન માટે શહેરની મધ્યમાં ગોપીતળાવને નવપલ્લવિત કરી લોકાર્પણ કરવામાં આવેલ છે જેનો તમામ નગરજનોને લાભ લેવાનું આહ્વાન કર્યુ હતું. સિંક્રોની કથક ડાન્સ એકેડેમી, સરગમ ડાન્સ એકેડેમી તથા શહેરની શાળા સંસ્થાઓના વિદ્યાર્થીઓ અને કલાકારો દ્વારા રજુ થયેલ એકથી એક ઉત્કૃષ્ઠ સાંસ્કૃતિક કૃતિઓને માણી શહેરીજનો ખુશ થઈ ગયા હતા. હવે પછી યોજાનાર કાર્યક્રમોની વિગત નીચે મુજબ છે.

:: ગોપી કલા ઉત્સવ–૨૦૧૯ ::

| ક્રમ | તારીખ / વાર | વિગત | રીમાર્કસ |
|---|---|---|---|
| ૧ | ૨૭/૧૨/૨૦૧૯, શુક્રવાર | કર્મસુ આર્ટનો સાંસ્કૃતિક કાર્યક્રમ | સાંજે ૭.૩૦ કલાકે |
| ૨ | ૨૮/૧૨/૨૦૧૯, શનિવાર | હારમોનીકા કલબ દ્વારા હારમોનીકા પર મેલોડી અને ફ્લ્યુટ ફયુઝન તથા ગીતોનો ગુલદસ્તો કાર્યક્રમ | સાંજે ૭.૩૦ કલાકે |
| ૩ | ૨૯/૧૨/૨૦૧૯, રવિવાર | દિવ્યાંગ બાળકોનો ઓરકેસ્ટ્રા કાર્યક્રમ | સાંજે ૭.૩૦ કલાકે |
| ૪ | ૩૦/૧૨/૨૦૧૯, સોમવાર | નૃત્યમ નર્તન અકાદમી તથા શાળા અને સંસ્થાનો રંગારંગ કાર્યક્રમ | સાંજે ૭.૩૦ કલાકે |
| ૫ | ૩૧/૧૨/૨૦૧૯, મંગળવાર | સપ્તધ્વની કલાવૃંદ તથા નુપૂર નૃત્યમ એકેડમીનો સાંસ્કૃતિક કાર્યક્રમ | સાંજે ૭.૩૦ કલાકે |

સુરત મહાનગરપાલિકા દ્વારા ૨૬મી ડિસેમ્બરથી સતત છ દિવસ સુધી "ગોપી કલા ઉત્સવ ૨૦૧૯" અંતર્ગત નગરજનોના મનોરંજન માટે શહેરની મધ્ય ભાગમાં જ સાકાર થયેલા ગોપીતળાવ ખાતે ચાલનારા વૈવિધ્યપૂર્ણ સાંસ્કૃતિક કાર્યક્રમના સથવારે ચર્તુમુખી વાવ, એન્વાયરમેન્ટ ઝોન, ફુડ ઝોન, કિડ્સ ઝોન, ડાન્સીંગ

**ફુવારા, ગઝેબો તેમજ ગોપી તળાવના અનન્ય નઝારાને પ્રવેશ ટીકીટ મેળવી માંણવા જાહેર જનતાને ભાવભર્યુ નિમંત્રણ છે**

**સમાચારયાદી નં. , તા.૨૭/૧૨/૨૦૧૯, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.**








# સૂર્યગ્રહણ

ડિસેમ્બર ૨૬, ૨૦૧૯માં થયેલ જવલ્લેજ બનતી ખગોળીય ઘટના ભારત ભરમાંથી દેખાયેલ હતી. જેમાં સુરત શહેરથી ખંડગ્રાસ સૂર્ય ગ્રહણમાં ચંદ્ર દ્વારા સૂર્ય ૭૨% જેટલો ઢંકાયેલો હતો . સદર ખગોળિય ઘટના દરમિયાન સવારે ૦૭:૩૦ કલાકથી સાયન્સ સેન્ટર સુરત ખાતે જાહેર જનતા બહોળા પ્રમાણમાં અવલોકન કરવા ઉપસ્થિત રહી હતી. સદર ખગોળીય ઘટના સવારે ૦૮:૦૫ મિનિટે ચંદ્રનો સ્પર્શ શરૂ થયેલ હતો જેમાં મહતમ ગ્રહણ ૦૯:૨૩ મીનીટ સર્જાયું હતું જે દરમ્યાન સૂર્યની પ્રકાશની તીવ્રતામાં મહતમ ઘટાડો જોવા મળ્યો હતો તથા ઠંડીમાં વધારો અનુભવ થયેલ. આ ખગોળીય ઘટના સન ૨૦૦૯ બાદ સુરત શહેરમાંથી દેખાયેલી હતી. આ ધ્યાને લઈ સાયન્સ સેન્ટર સુરત ખાતેથી આ ઘટનાનું ટેલિસ્કોપમાં "બેકલીટ પ્રોજકેશન" દ્વારા મહતમ શહેરીજનનો સમુહ નિહાળી શકે તે હેતુથી સાધન બનાવવામાં આવેલુ હતું તથા અન્ય કેમેરાની મદદથી શહેરીજનો બેસીને નીહાળી શકે તે હેતુથી ટેલિવિઝન પર પ્રોજેકશન કરવામાં આવેલું. ઉપરાંત સોલાર ફીલ્ટર ધરાવતા ચશ્માની મદદથી જાહેર જનતાને નિદર્શન પણ કરાવવામાં આવ્યું હતું. આ ખગોળીય ઘટના નિહાળવા સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી અનિલભાઈ ગોપલાણી, ડે.કમિશ્નરશ્રી તથા સુરત મહાનગરપાલિકાનાં અધિકારીઓ તેમજ બહોળી સંખ્યામાં નગરજનો હાજર રહયા હતા. આ અદ્વિતિય ખંડગ્રાસ સૂર્યગ્રહણને જાહેર જનતા, બાળકો, વિદ્યાર્થીઓ સહિત ૮૬૮થી વધુ લોકોઓ નિહાળી હતી.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા
નં.પી.આર.ઓ./૬૦૩

સૂર્યગ્રહણ નિહાળતા સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી અનિલભાઈ ગોપલાણી, ડે.કમિશ્નરશ્રી તથા જાહેર જનતા અને બાળકો.



# <u>પ્રેસનોટ</u>

**સેન્ટ્રલ ઝોન**

**સુરત મહાનગરપાલિકા**

**<u>સેન્ટ્રલ ઝોનમાં ઘનિષ્ઠ દબાણ હટાવ ઝુંબેશ :-</u>**

સેન્ટ્રલ ઝોનમાં ઝોનલ ચીફ/ડે.કમિનરશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સુચના અને માર્ગદર્શન હેઠળ સુરત મહાનગરપાલિકાના સેન્ટ્રલ ઝોનમાં હાલનાં સમયગાળા દરમ્યાન વિવિધ વિસ્તારોમાં વર્ષો જુના દબાણો હટાવવાની ઝુંબેશો ઘનિષ્ઠ રીતે ચાલી રહી છે. સેન્ટ્રલ ઝોનમાં વસ્તીની ગીચતા તેમજ સાંકડા રસ્તાઓ ઉપર વર્ષોથી ફેરીયાઓ/વેપારીઓ ધ્વારા વિવિધ પ્રકારનાં દબાણો કરવામાં આવતાં રહે છે. જેને કારણે અત્રેથી સતત આ પ્રકારનાં દબાણો હટાવવામાં પણ આવે છે. આ દબાણોને કારણે રાહદારીઓ તથા આસપાસ વસવાટ કર્તાઓને ઘણી અગવડતા પડે છે. આજ રોજ આવાજ પ્રકારના દબાણ હટાવવાની ઘનિષ્ઠ ઝુંબેશ **(૧) તા.૨૬/૧૨/૨૦૧૯ ના રોજ ભાગળથી ગલેમંડી રોડ ખાઉધરા ગલીમાંથી બંધ લારી નંગ-૨૩ તથા (૨) તા.૨૭/૧૨/૨૦૧૯ ના રોજ ઉધના દરવાજા જંકશન ભંડારી વાડ પાસેના રોડ પરથી બંધ લારી-૨૦, ખુલ્લી લારી-૪, અન્ય પરચૂરણ સામગ્રી – ૩૪,** ઉપર ઘનિષ્ઠ ઝુંબેશ આદરી તમામ દબાણો દુર કરી રસ્તો રાહદારીઓ માટે ખુલ્લો કરવામાં આવેલ છે.

સદર ઝુંબેશમાં નીચે જણાવેલ સ્ટાફ તથા સાધનો ઉપસ્થિત રહેલ.

(૧) કાર્યપાલક ઈજનેર – ૦૧
(૨) ડે.ઈજનેર – ૦૪
(૩) જુની./આસી. ઈજનેર – ૧૪
(૪) સુપરવાઈઝર/ટી.એ.– ૧૧
(૫) બેલદાર – ૫૦
(૬) ટ્રક – ૮
(૭) ઝીપ – ૨

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં...૬૦૪.........
તા.૨૭/૧૨/૨૦૧૯

<u>સુરત મહાનગરપાલિકા</u>

<u>યુ.સી.ડી. વિભાગ</u>

<u>અખબારી યાદી</u>

<u>વેસ્ટ ઝોન, રાંદેર, સુરત ખાતે સુરત મહાનગરપાલિકા ધ્વારા 'સેવાસેતુ' કાર્યક્રમનુ આયોજન કરવામાં આવેલ.</u>

રાજય સરકારશ્રી દ્વારા અમલીકૃત અનેકવિધ લોકઉપયોગી યોજનાઓ પ્રવૃતિઓ તથા વહિવટ પ્રત્યે પ્રજાના પ્રશ્નોનો ન્યાયીક ચોકકસ તથા ઝડપી ઉકેલ આવે તેમજ રાજયના વહિવટમાં પારદર્શીતા વધે તે હેતુથી નાગરીકોની વ્યકિતલક્ષી યોજનાઓ સંલગ્ન વિભાગો દ્વારા સ્થળ ઉપર જ ઉકેલ લાવી શકાય તે હેતુસર તા.૨૦/૧૨/૨૦૧૯ ના રોજ સવારે ૦૯:૦૦ થી ૦૫:૦૦ કલાક દરમ્યાન વેસ્ટ ઝોન કચેરી, રાંદેર, સુરત ખાતે સુરત મહાનગરપાલિકા ધ્વારા 'સેવાસેતુ' કાર્યક્રમનુ આયોજન કરવામાં આવેલ હતુ.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે સેવાસેતુ કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવેલ. આ કાર્યક્રમમાં અધ્યક્ષીય ઉદબોધન કરતા મા.મેયરશ્રી જગદીશભાઈ પટેલે સેવાસેતુ કાર્યક્રમ અંગે આંકડાકીય વિગત રજુ કરી હતી. જે સંદર્ભે મા.મેયરશ્રીએ જણાવ્યું હતું કે સુરત મહાનગરપાલિકા દ્વારા ૦૫ તબક્કામાં કુલ ૬૯ સેવાસેતુ કાર્યક્રમોનું આયોજન કરી ૧.૫ લાખથી પણ વધુ લોકોને તેમના જ વિસ્તારમાં સરકારશ્રીની વિવિધ યોજનાઓનો લાભ આપવામાં આવેલ છે તેમજ આજરોજ ૭૦ માં સેવાસેતુ કાર્યક્રમું આયોજન કરવામાં આવ્યું છે. વધુમાં મેયરશ્રીએ લોકોને સરકારશ્રીની વિવિધ યોજનાઓનો લાભ લેવા તથા જરૂરિયાતમંદ લોકોને જાણ કરવા અપીલ કરી હતી. સુરત પશ્ચિમ વિધાનસભાના ધારાસભ્યશ્રી પુર્ણેશભાઈ મોદીએ કાર્યક્રમમાં પ્રાસંગિક ઉદબોધન કરતા જણાવ્યું હતું કે જરૂરિયાતમંદ લોકો કે જેઓ વર્ષોથી કેટલાક ડોક્યુમેન્ટ્સ ન હોવાના કારણે વિવિધ યોજનાઓના લાભથી વંચિત રહી જાય છે. ઘણીવાર આ ડોક્યુમેન્ટ્સ મેળવવા લોકોને વિવિધ કચેરીઓના ધક્કા ખાવા પડે છે. રાજ્ય સરકાર અને સુરત મહાનગરપાલિકા દ્વારા વિવિધ વોર્ડ વિસ્તારમાં સેવાસેતુ કાર્યક્રમનું આયોજન કરી લોકોના દ્વારે સરકારશ્રીના વિવિધ વિભાગોની સેવાઓ પહોચાડવાનું ભગીરથ કામ કર્યું છે. રાજ્ય સરકાર દ્વારા સેવાસેતુ કાર્યક્રમ થકી ગુજરાતમાં ૦૧ કરોડથી વધુ લોકોને વિવિધ સેવાઓનો લાભ પહોચાડ્યો છે. આજના સેવાસેતુ કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન ટ્રાન્સપોર્ટ સમિતિના અધ્યક્ષ શ્રીમતિ હેમાલીબેન બોઘાવાલા તથા આભારવિધી મ્યુ.સદસ્ય શ્રી અનિલભાઈ બિસ્કીટવાલાએ કરી હતી.

આ સેવાસેતુ કાર્યક્રમમાં ડે. મેયરશ્રી નીરભાઈ શાહ, સ્થાઈ સમિતિના અધ્યક્ષશ્રી અનિલભાઈ ગોપલાની, દંડક શ્રીમતી દક્ષાબેન જરીવાલા, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, વિવિધ વોર્ડના મ્યુ. સદસ્યશ્રીઓ તથા સુરત મહાનગરપાલિકાના અધિકારીઓએ ઉપસ્થિત રહી લાભાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. સેવાસેતુ કાર્યક્રમમાં વિવિધ વિભાગો જે કે મહેસુલ વિભાગ, સમાજ કલ્યાણ વિભાગ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સીટી સર્વે સુપ્રીટેન્ડન્ટ, સમાજ સુરક્ષા વિભાગ, પુરવઠા વિભાગ તથા સુરત મહાનગર પાલીકાના ગુમાસ્તા વિભાગ, વ્યવસાય વેરા વિભાગ, આકારણી/વસુલાત/પ્રોપર્ટી ટેક્ષ વિભાગ, આર.સી.એચ. વિભાગ, વિવિધ બેંકો, શ્રમિક કલ્યાણ બોર્ડ, આરટીઓ, વગેરે ધ્વારા દિવસ દરમ્યાન કુલ.<u>**૨૬૫૦**</u> લાભાર્થીઓએ આવકનો દાખલો, ક્રિમીલેયર સર્ટી., પંચનામાં, ધાર્મિક લઘુમતિ પ્રમાણપત્ર, વિધવા સહાય, વૃધ્ધ સહાય, જાતિના દાખલા, બાજપાઈ બેંકેબલ યોજના, માનવ કલ્યાણ યોજના, દિવ્યાંગ સર્ટી., મા વાત્સલ્ય કાર્ડ, મા અમૃતમ કાર્ડ જેવી વિવિધ રજુઆતોનો સ્થળ પર નિકાલનો લાભ મેળવેલ. તે સંદર્ભે લોકો પણ ઘણી પ્રસન્નતાની લાગણી વ્યકત કરતા જોવા મળ્યા તેમજ એકજ સ્થળ પરથી રજુઆતોના નિકાલ માટેના આ 'સેવાસેતુ' કાર્યક્રમના આયોજન, વિસ્તારના રહીશો ધ્વારા ખુબ જ પ્રેરક પ્રતિસાદ મળેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા
સમાચાર યાદી નં. **૬૦૫**
તા. ૨૮/૧૨/૨૦૧૯

# પ્રેસનોટ

## સેન્ટ્રલ ઝોન
## સુરત મહાનગરપાલિકા

### સેન્ટ્રલ ઝોનમાં ઘનિષ્ઠ દબાણ હટાવ ઝુંબેશ :–

સેન્ટ્રલ ઝોનમાં ઝોનલ ચીફ/ડે.કમિનરશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સુચના અને માર્ગદર્શન હેઠળ સુરત મહાનગરપાલિકાના સેન્ટ્રલ ઝોનમાં હાલનાં સમયગાળા દરમ્યાન વિવિધ વિસ્તારોમાં વર્ષો જુના દબાણો હટાવવાની ઝુંબેશો ઘનિષ્ઠ રીતે ચાલી રહી છે. સેન્ટ્રલ ઝોનમાં વસ્તીની ગીચતા તેમજ સાંકડા રસ્તાઓ ઉપર વર્ષોથી ફેરીયાઓ/વેપારીઓ ધ્વારા વિવિધ પ્રકારનાં દબાણો કરવામાં આવતાં રહે છે. જેને કારણે અત્રેથી સતત આ પ્રકારનાં દબાણો હટાવવામાં પણ આવે છે. આ દબાણોને કારણે રાહદારીઓ તથા આસપાસ વસવાટ કર્તાઓને ઘણી અગવડતા પડે છે. આજ રોજ ચૌટાબજાર વિસ્તારમાં રસ્તાને નડતરરૂપ ૦૫ ટ્રક અન્ય પરચુરણ માલ સામાન ભરી ઘનિષ્ઠ ઝુંબેશ આદરી તમામ દબાણો દુર કરી રસ્તો રાહદારીઓ માટે ખુલ્લો કરવામાં આવેલ છે.

વધુમાં ટ્રાફિક પોલીસ તથા પોલીસ સ્ટાફ સાથે આગામી દિવસોમાં પણ ઝુંબેશ હાથ ધરવામાં આવશે.

સદર ઝુંબેશમાં નીચે જણાવેલ સ્ટાફ તથા સાધનો ઉપસ્થિત રહેલ.

(૧) ડે.ઈજનેર – ૦૩
(૨) જુની./આસી. ઈજનેર – ૧૪
(૩) સુપરવાઈઝર/ટી.એ.– ૧૧
(૪) બેલદાર – ૫૦
(૫) ટ્રક – ૫
(૬) ઝીપ – ૨

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં.૬૦૬
તા.૩૦/૧૨/૨૦૧૯

# સુરત મહાનગરપાલિકા
# જુનો વરાછા ઝોન – એ
# પ્રેસનોટ

આજ રોજ તા.૩૦/૧૨/૨૦૧૯ ના દિને નવો જુનો વરાછા ઝોન – એ ખાતે માન. મેયરશ્રીની અધ્યક્ષતામાં માન. ડે.મેયરશ્રી, માન. અધ્યક્ષશ્રી (સ્થાયી સમિતિ), માન. શાસકપક્ષનાં નેતાશ્રી, માન. વિરોધપક્ષના નેતાશ્રી અને જુના વરાછા ઝોન – એ વિસ્તારનાં મ્યુ. સભ્યશ્રીઓનાં ઝોન વિસ્તારનાં વણઉકેલ્યા પ્રશ્નોનાં ઝડપી ઉકેલ અર્થે સુરત મહાનગરપાલિકાનાં વિવિધ વિભાગીય વડાશ્રીઓ અને તમામ અધિકારી/કર્મચારીશ્રીઓ સાથે એક સંકલન મીટીંગનું આયોજન કરવામાં આવેલ હતું.

મીટીંગમાં નવો જુના વરાછા ઝોન – એ નાં વિવિધ પ્રોજેકટસ તથા બજેટ અંગેનું સંક્ષિપ્ત પ્રેઝેન્ટેશન દર્શાવવામાં આવેલ. ત્યારબાદ વોર્ડ વાઈઝ સભ્યશ્રીઓનાં પ્રશ્નો અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલ. તમામ પ્રશ્નો અન્વયે બૃહદ ચર્ચા બાદ તમામ વિભાગો સાથે પરામર્શ કર્યા બાદ સકારાત્મક નિર્ણયો લેવામાં આવેલ.

સદરહુ બેઠકમાં મુખ્યત્વે નાગરિકોની પ્રાથમિક સુવિધા જેવી કે ડ્રેનેજ, પાણી, લાઈટ, રસ્તા બનાવવા, ખાડી સફાઈ કરવા, ખાડીનો વિકાસ કરવા તેમજ મચ્છરોનો ઉપદ્રવ અટકાવવા માટે જરૂરી તમામ કાર્યવાહી કરવા તથા દબાણો હટાવવા  ઘનિષ્ઠ પગલા લેવા માટે ચર્ચા કરવામાં આવી. તેમજ પ્રાથમિક સુવિધા ઉપલબ્ધ કરાવવા પડતી કાયદાકીય અવરોધ અંગે નિતિ બનાવવા અંગે સુચના આપી અને વિવિધ વિભાગો વચ્ચે સંકલન માટે નિર્ણય કરવામાં આવેલ તથા અમુક મુદ્દે પોલીસી નકકી કરવા, સુરત મહાનગરપાલિકામાં મા. મેયરશ્રીએ આ અંગે તાકીદે જે તે લેવલે વિભાગો સાથે સંકલન કરી ઘટતી કાર્યવાહી કરવા સુચના આપી હતી.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં.૬૦૭
તા.૩૦/૧૨/૨૦૧૯



